
ભારતીય ચૂંટણી પંચ
Election Commission of India
चुनाव का पर्व
DESH KA GARV
LOK SABHA ELECTION 2024
7
મે
મતદાન દિવસઃ
કોઈ બહાનું નહીં
આંગળી પર શાહી લગાવો, લોકશાહીનો તહેવાર ઉજવો
11
રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ
94
સંસદીય મતવિસ્તાર
સંસદીય મતવિસ્તારઃ
આસામ-૪
બિહાર - ૫
છત્તીસગઢ - ૭
ગોવા - ૨
ગુજરાત - ૨૫
કર્ણાટક - ૧૪
મહારાષ્ટ્ર - ૧૧
મધ્ય પ્રદેશ - ૯
ઉત્તર પ્રદેશ - ૧૦
પશ્ચિમ બંગાળ - ૪
દાદરા અને નગર હવેલી / દમણ અને દીવ - ૨
મતદાન - મારી ફરજ
ફિલ્મ જોવા માટે
QR સ્કેન કોડ
લોગ ઓન કરો elections24.eci.gov.in
QR કોડ સ્કેન કરો અને મતદાર શપથ લો
આ QR કોડ સ્કેન કરો અને #VoteForSure નો ઉપયોગ કરી તમારા સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરો અને વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં તમારા શપથની નોંધણી કરો.
મતદાર હેલ્પલાઈન પર ફોન કરો
1950
મતદાર યાદીમાં તમારું નામ તપાસવા માટે QR કોડ સ્કેન કરો અને તમારા મતવિસ્તારમાં મતદાનની તારીખ જાણો
CBC 52101/13/0018/2425
#IVoteForSure | #MeraVoteDeshKeLiye
fb.com/ECI
@ecisveep
youtube.com/eci
/company/election-commission-of-india-official
@ecisveep
Election Commission of India

# સંજોગ ન્યૂઝ

ચાલો મતદાન કરી લોકશાહી બચાવીએ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue - 213 | AD - 2024, Chaitra Vad - 14 | Tuesday, Dt.07-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મંગળવાર, તા.૦૭-૦૫-૨૦૨૪


# અમરેલી લોકસભા વિસ્તારમાં આજે મતદાન



અમરેલી,તા.૦૬

અમરેલી સહિત સમગ્ર રાજયમાં આજરોજ સવારના ૭થી સાંજના ૬ સુધી મતદાન યોજાવાનું છે ત્યારે વહીવટ તંત્ર અને પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે. આ બાબતે ચૂંટણી પૂર્વે અમરેલી જિલ્લા કલેકટર દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં કલેકટરે ચૂંટણીને લઈને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. જેમાં મતદાનના દિવસે કુલ ૧૨ આધાર પુરાવા ચૂંટણીપંચે નક્કી કર્યા છે. કલેકટરે પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા જણાવ્યુ હતું કે, મતદાન મથકની અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. પ્રિસાઈડીંગ ઓફિસર મતદાન આંકડા લખવા માટે મોબાઈલનો ઉપયોગ કરી શકશે. મતદાનના દિવસે મતદારને સવેતન રજા આપવાનો લાભ મળેલ છે. મતદારને રજાનો લાભ આપવામાં ન આવે તો ટોલ ફ્રી નં. ૧૯૫૦ પર ફોન કરી શકાય છે. મતદાન મથકે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જરૂરિયામંદ મતદાર માટે રેમ્પની વ્યવસ્થા, ગરમીથી રક્ષણ માટે છાંયો- શેડની વ્યવસ્થા, મેડિકલ કિટ, શરબતની વ્યવસ્થા અને દિવ્યાંગો તથા વયસ્ક મતદારો માટે વ્હીલચેર, અલગ લાઈન સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. જે મતદાર પાસે ચૂંટણી કાર્ડ સિવાયના અન્ય ૧૨ આધાર હશે તો જ મતદાર મતદાન કરી શકશે. જે મતદાર પાસે મતદાનની કાપલી ઉપલબ્ધ નહિ હોય તેઓ મતદાર સહાયતા કેન્દ્ર ખાતે પોતાનો ક્રમ નંબર જાણી શકશે. અમરેલી લોકસભાના ધારી વિધાનસભા મતવિસ્તારમાં વીડિયો સર્વેલન્સની ૫ ટીમ, અમરેલી વિધાનસભા માટે ૫ ટીમ, લાઠી વિધાનસભા માટે ૫ ટીમ, સાવરકુંડલા માટે ૫ ટીમ, રાજુલા વિધાનસભા માટે ૫ ટીમ, મહુવા વિધાનસભા માટે ૨ ટીમ, ગારીયાધાર વિધાનસભા માટે ૩ ટીમ મૂકવામાં આવી છે. અમરેલી લોકસભા વિસ્તાર માટે ૨૨ ફલાઈંગ સ્કવોર્ડની રચના પણ કરવામાં આવી છે.

## અમરેલી લોકસભા માટે ફરજ પરનો સ્ટાફ

અમરેલી લોકસભા વિસ્તારમાં શાંતિપૂર્વક મતદાન થાય તે માટે સી.આર.પી.એફ તથા એસઆરપી ફોર્સ રાખવામાં આવી છે. તેમજ ઝોનલ ઓફિસર ૧૯૪, આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર ૧૯૪, પોલિંગ સ્ટાફ ૪૦૫૦, મહિલો પોલિંગ સ્ટાફ ૩૫૬૦, બીએલઓ ૧૮૪૧, પટ્ટાવાળા ૧૮૪૧, ડિસ્પેચીંગ રિસિવીંગ સ્ટાફ ૧૧૦૦ ચૂંટણી માટે તૈનાત કરવામાં આવ્યા છે. ઉપરાંત કુલ ૧૯૪ ઝોનલ રૂટ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

## ૫૦% બુથ પર વેબથી નજર રાખવામાં આવશે

જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે અમરેલી લોકસભામાં આવેલા બુથમાંથી ૫૦% બુથ પર વેબ કાસ્ટીંગથી નજર રાખવામાં આવશે.

## અત્યાર સુધીમાં ૧૦૦૬ મતદારોનું ઘરે મતદાન

અમરેલી લોકસભામાં મતદાન ધરાવતા ૮૫ કે તેથી વધુ વયના જે મતદારો મતદાન મથક સુધી જઈ શકે તેમ ન હોય તેવા કુલ ૧૦૦૬ મતદારોનું મતદાન ઘરે જઈને કરાવ્યુ હતું. તેમજ જે મતદારો શારીરિક રીતે સક્ષમ નથી તેવા ૨૩૧ મતદારોનું ઘરે જઈને તંત્ર દ્વારા મતદાન કરાવ્યુ હતું.

## શિયાળબેટ ટાપુ પર ઈવીએમ સાથે અધિકારીઓ પહોંચ્યા

જાફરાબાદ તાલુકાનું આ શિયાળબેટ ગામ ટાપુ હોવાને કારણે નોડલ ઓફિસર સહિત ૨૫ જેટલા કર્મચારીઓ ઈવીએમ સાધનો સાથે બોટ મારફતે શિયાળબેટ પહોંચી ગયા છે. અહી ૫૦૦૦ કરતા વધુ મતદારો છે. જેઓ મતદાનથી વંચિત ન રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ દર વખતની ચૂંટણીની જેમ આ વખતે પણ કરવામાં આવી છે. આ વિસ્તારમાં ૫ જેટલા બુથ આવેલા છે. પીપાવાવ પોર્ટ જેટી પર ૨ બોટની વ્યવસ્થા ચૂંટણી પર ફરજ પરના કર્મચારીઓ માટે કરવામાં આવી છે. ઉપરાંત દરિયાઈ માર્ગે જવાનું હોવાને કારણે લાઈફ જેકેટ સાથે ટીમ શિયાળબેટ ગામમાં પહોંચી ગઈ છે. શિયાળબેટમાં આવતીકાલે ૫ બુથ ઉપર મતદાન કરવામાં આવશે. શિયાળબેટ ગામમાં તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે, જેથી મતદારો અને કર્મચારીઓને કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે ખાસ વ્યવસ્થાઓ વચ્ચે મતદાન કરવામાં આવશે. અમરેલી જિલ્લામાં મોટાભાગે ઈવીએમ સહિતનું સાહિત્ય દરેક બુથ ઉપર પહોંચાડી દેવાયું છે અને પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતદાન કરવામાં આવશે. મતદાનને લઈ પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર મતદાનને લઈ સજ્જ જોવા મળી રહ્યું છે. શિયાળબેટ એક વિશિષ્ટ મહત્વ ધરાવતો ટાપુ છે, આવતી કાલે લોકસભા ચૂંટણીને લઈ ત્યાં પોલિંગ ટીમને બોટ મારફતે ટ્રાન્સપોર્ટ કરી છે. આ મતદાન મથક અનેરું મહત્વ ધરાવે છે આ માટે પીપાવાવ પોર્ટ ખાતે ૨ બોટની વ્યવસ્થા કરવામાં આવી છે. શિયાળબેટમાં ૫ હજાર ૮૭ મતદારો નોંધાયેલા છે, ૫ બુથ છે. ઝોનલ ઓફિસર લાઈફ જેકેટ સાથે બોટ મારફતે ટાપુ પર પહોંચી ગયા છે. શિયાળબેટમાં વધુમાં વધુ આ વખતે મતદાન થશે તે માટે પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

## ૧૪-અમરેલી લોકસભાના નોંધાયેલા મતદારોની સંખ્યા

| વિધાનસભા | પુરુષ | મહિલા | થર્ડ જેન્ડર | કુલ |
|---|---|---|---|---|
| ૯૪-ધારી | ૧૧૫૮૮૧ | ૧૦૬૭૩૫ | ૬ | ૨૨૨૫૮૧ |
| ૯૫-અમરેલી | ૧૪૫૦૮૫ | ૧૩૬૭૮૧ | ૩ | ૨૮૧૮૬૯ |
| ૯૬-લાઠી | ૧૧૭૨૪૭ | ૧૦૮૯૪૮ | ૧ | ૨૨૬૧૯૬ |
| ૯૭-સાવરકુંડલા | ૧૩૧૬૬૨ | ૧૨૧૩૭૭ | ૧૬ | ૨૫૩૦૫૫ |
| ૯૮-રાજુલા | ૧૪૨૭૨૮ | ૧૩૩૭૮૯ | ૦ | ૨૭૬૫૧૭ |
| કુલ | ૬૫૨૫૬૨ | ૬૦૭૬૩૦ | ૨૬ | ૧૨૬૦૨૧૮ |
| ૯૯-મહુવા | ૧૨૬૦૨૧ | ૧૧૯૮૨૧ | ૦ | ૨૪૫૮૪૨ |
| ૧૦૧-ગારીયાધાર | ૧૧૭૦૮૩ | ૧૦૯૬૬૭ | ૦ | ૨૨૬૭૫૦ |
| ૧૪-અમરેલી કુલ | ૮૯૫૬૬૬ | ૮૩૭૧૧૮ | ૨૬ | ૧૭૩૨૮૧૦ |

### કાર્યક્રમમાં દેશ વિદેશના ૧૫૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં

# સેદાણી ડિજિટલ પ્રા. લિમિટેડ કંપનીને બેસ્ટ ઓનરનો એવોર્ડ મળ્યો



બાબરા,તા.૬

મૂળ બાબરાના છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદ વસતા જાણીતા કવિ લેખક અને ચેમ્બર પૂર્વ પ્રમુખ કે.ડી. સેદાણીનાં પુત્ર વિવેક અને ચિરાગ અમદાવાદમાં સેદાણી ડિજિટલ પ્રા. લિમિટેડ કંપની ચલાવે છે. આ કંપનીને શનિવારે અમદાવાદમાં ભારતના અને વિદેશના મહેમાનોની હાજરીમાં સ્ટુડન્ટ એકઝામ બુકિંગ કંપની Pearson (PTE) તરફથી "સેદાણી ડિજિટલ પ્રા. લિમિટેડ"ને "best honar" નો એવોર્ડ બ્રિટિશ હાઈ કમિશનરના વરદ હસ્તે આપવામાં આવ્યો હતો. પિયરસન કંપનીના ઓનરે બંને ભાઈઓને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમમાં દેશ વિદેશના ૧૫૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### આશ્રમમાં ૬૩ જેટલી નિરાધાર મનોરોગી બહેનો છે

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમમાંથી ૧૨૦મી મનોરોગી બહેન સાજી થઈ ઘરે પરત ફરી



સાવરકુંડલા,તા.૬

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમમાં ૬૩ જેટલી નિરાધાર મનોરોગી બહેનો છે. આ નિરાધાર મનોરોગી બહેનો ભક્તિ બાપુની નિશ્રામાં પૂનઃ સ્વસ્થ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે આજે ૧૨૦મી મનોરોગી બહેન સાજા થઈ સમાજમાં પુનઃસ્થાપિત થયા હતા. છ વર્ષ પહેલા ડાહીબેન બટુકભાઈ ઝાપડાને રાજકોટ માર્કેટિંગ યાર્ડમાંથી માનવ મંદિરમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે તેમનું વજન ૪૨ કિલોને ૮૦૦ ગ્રામ હતું આજે રાજકોટથી તેમના બંને ભાભી વિજુબેન જીવનભાઈ અને ભાનુબેન હકાભાઈ માનવ મંદિરેથી તેડી ગયા છે ત્યારે તેમનું વજન ૬૫ કિલોને ૩૦૦ ગ્રામ છે. માનવ મંદિરના સંત ભક્તિ બાપુએ જે હેતુસર આ મનોરોગી આશ્રમ શરૂ કર્યો હતો તે હેતુ આજે સેવકોના સહયોગથી ખૂબ જ સફળ થઈ રહ્યો છે તેનો બાપુએ રાજીપો પણ વ્યક્ત કર્યો હતો.










# જેનીબેન ઠુમ્મરનો મતદાન પૂર્વે વેપારીઓ સાથે સંવાદ

અમરેલી,તા.૬



અમરેલી લોકસભામાં આજરોજ મતદાન થવા જઈ રહ્યુ છે ત્યારે કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા અમરેલીમાં વેપારીઓનો ડોર ટુ ડોર સંપર્ક કરી અને વિજય વિશ્વાસ સાથે વેપારી મહાજનોના આશીર્વાદ લીધા હતા. આ તકે તેમણે વેપારીઓ સાથેની ચર્ચામાં મુખ્યત્વે જી.એસ.ટી.ના પ્રશ્નોની માહિતી મેળવી હતી ત્યારે તેમણે જણાવ્યુ હતું કે અમરેલી જિલ્લામાં વેપાર ધંધાઓ ભાંગી રહ્યા છે. ત્યારે અહીંના લોકો રોજગારીની તલાશમાં મહાનગરો તરફ જાય છે. ત્યારે અમરેલી શહેર અને જિલ્લાને વિકસિત બનાવવા માટે સૌપ્રથમ ઉચ્ચ ગુણવત્તા વાળી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે એન્જિનીયરીંગ કોલેજ, મેડિકલ કોલેજ, સૈનિક સ્કૂલ, કેન્દ્રીય વિદ્યાલયનું નિર્માણ થાય અને બહારના વિદ્યાર્થીઓ અહીયા અભ્યાસ માટે આવે અને અમરેલી જિલ્લાનું અર્થતંત્ર વેગવંતુ બને. આ ઉપરાંત અમરેલી શહેર અને જિલ્લામાં મોટામાં મોટી સમસ્યા પાણીની છે. અહીંયા મેન પાવર છે પણ પાણી ન હોવાના કારણે પુરતા ઉદ્યોગોનો વિકાસ થઈ શકયો નથી માટે અમરેલીને ઔદ્યોગિક હેતુ માટે પૂરતું પાણી મળી રહે તે માટે મારી રાજય અને કેન્દ્ર સરકારમાં કાયમી રજૂઆતો રહેશે. જેથી કરીને અમરેલીમાં વેપાર ધંધામાં વૃદ્ધિ થાય, અમરેલી જિલ્લાનું વડુ મથક છે ત્યારે અહીંયાથી બ્રોડગેજની સુવિધા મળે અને લાંબા અંતરની પેસેન્જર ટ્રેનો અને યાત્રાધામને જોડતી ટ્રેનો શરૂ કરવામાં આવે તેવા મારા પ્રયત્નો રહેશે તેવી વેપારીઓને ખાતરી આપી હતી. અમરેલીમાં ડો.જીવરાજ મહેતા યુનિવર્સિટીની સ્થાપના થાય અને અહીંયાના વિદ્યાર્થીઓને સસ્તુ અને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મળી શકે. અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી પર નભતો જિલ્લો છે. ત્યારે ખેડૂતો સમૃધ્ધ બને તે માટે વિવિધ યોજનાઓ અને આધુનિક ખેતી દ્વારા રોજગારીની તકો વધે માટે મારા પ્રયત્નો રહેશે. અમરેલીના ઈન્ફાસ્ટ્રકચરના વિકાસમાં સૌથી મોટુ કોઈ ગ્રહણ હોય તો તે છે ઈકો સેન્સિટીવ ઝોન ત્યારે મારી રાજય અને કેન્દ્ર સરકારને વિનંતી છે કે આ ઈકો સેન્સિટીવ ઝોન મુદ્દે યોગ્ય કાર્યવાહી કરે તો રેતીની લીઝ મળી શકે અને લોકોને સસ્તી રેતી મળે અને મજૂરો અને કારીગર વર્ગના લોકોને પુરતી રોજગારી મળી શકે અને અમરેલી જિલ્લાનો બાંધકામ ઉદ્યોગ સરળ બની શકે તે અમારી પ્રાથમિકતા રહેશે.

### મતદારોને મતદાન માટે અપીલ કરતા જેનીબેન ઠુમ્મર

આજરોજ મતદાન છે ત્યારે અમરેલી લોકસભા વિસ્તારના મતદારો લોકસભાના વિસ્તારના વિકાસ માટે કોંગ્રેસ તરફી જંગી મતદાન કરે તે માટે જેનીબેન ઠુમ્મરે મતદારોને અપીલ કરી હતી.

# ભરતભાઈ સુતરીયાનો અમરેલીમાં ડોર ટુ ડોર પ્રચાર





અમરેલી,તા.૬

અમરેલી લોકસભાનું આજરોજ મતદાન થવાનું છે ત્યારે ચૂંટણીપંચના આદેશ મુજબ પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે ત્યારે મતદારોને ફેસ ટુ ફેસ મળવા માટે ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા સહિતના આગેવાનો સાથે અમરેલીની બજારોમાં ભાજપ તરફી મતદાનની અપીલ કરવા માટે ડોર ટુ ડોર પ્રચાર કરવા નીકળ્યા હતા. વેપારીઓ સાથે સંવાદમાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ નરેન્દ્ર મોદીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા માટે ભાજપ તરફી મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પણ વેપારીઓને જણાવ્યું હતું કે, જે રીતે વિધાનસભામાં મારી પર વિશ્વાસ મૂકી મને ધારાસભ્ય બનાવ્યો હતો તે જ રીતે આ વખતે નાનો માણસ પણ કામનો માણસ એવા ભરતભાઈ સુતરીયાને જીતાડી અમરેલીમાંથી એક કમળ દિલ્હી મોકલવા માટે અનુરોધ કર્યો હતો. ભરતભાઈ સુતરીયા અમરેલીની બજારોમાં નીકળતા વેપારીઓએ તેમને ફુલહાર કરી વધાવ્યા હતા. આમ, જે રીતે વેપારીઓએ સહયોગ આપ્યો છે તેને જોતા આ લોકસભાની ચૂંટણીમાં ભાજપનો જવલંત વિજય થશે તેવું અમરેલી જિલ્લા ભાજપના આગેવાનો ભારે વિશ્વાસથી જણાવી રહ્યાં છે.

### ભાજપ તરફી મતદાન કરવા ભરત સુતરીયાની અપીલ

અમરેલી લોકસભાનું આજરોજ મતદાન છે ત્યારે નરેન્દ્ર મોદી ત્રીજીવાર પ્રધાનમંત્રી બને અને પ્રધાનમંત્રીના હાથ મજબૂત થાય તે માટે લોકસભાનો એકપણ મતદાર મતદાનથી વંચિત ન રહેવો જોઈએ. અંતમાં મતદારોને ભાજપ તરફી મતદાન કરવા ભરતભાઈ સુતરીયાએ અપીલ કરી હતી.

### કથા સમય દરમ્યાન ભજન અને હાસ્યની રમઝટ બોલી

# પીઠવડી ગામે બાલધા પરિવાર દ્વારા આયોજિત ભાગવત સપ્તાહ સંપન્ન

અમરેલી,તા.૬




સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે સમસ્ત બાલધા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ સંપન્ન થઈ હતી. તા.૨૯/૪/૨૦૨૪ના રોજ શરૂ થયેલી આ ભાગવત સપ્તાહ તા.૫/૫ ના રોજ સંપન્ન થઈ હતી. આ ભાગવત સપ્તાહ અંતર્ગત રામજન્મ, કૃષ્ણજન્મ, ગૌવર્ધન મહોત્સવ, રૂક્ષ્મણી વિવાહ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કથા દરમ્યાન વિવિધ દિવસોમાં લોકસાહિત્યની વાતો, ડાયરો તેમજ હાસ્યની રમઝટ બોલી હતી. આ ભાગવત સપ્તાહમાં સંતો, મહંતોએ ઉપસ્થિત રહી સમસ્ત બાલધા પરિવારને આશીર્વચન પાઠવ્યા હતા. આ ભાગવત કથાનું રસપાન શાસ્ત્રી શરદભાઈ વ્યાસે શ્રોતાઓને કરાવ્યુ હતું. આ ભાગવત સપ્તાહમાં મોટી સંખ્યામાં લોકોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

# રાજુલા-સાવરકુંડલા રોડ પર ગંભીર અકસ્માતમાં યુવાનનું મોત

રાજુલા, તા.૬



રાજુલા સાવરકુંડલા રોડ પર એક અકસ્માતમાં એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ થવાના સમાચાર પ્રાપ્ત થયા છે. આ બનાવ વિગતે જોઈએ તો રાજુલા- સાવરકુંડલા હાઈવે ઉપર નચિકેતા સ્કૂલ નજીક એક છોટા હાથી વાહન અને મોટરસાયકલ સામસામે અથડાતા મોટરસાયકલ સવાર યુવાનને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતની જાણ ૧૦૮ ને કરવામાં આવતા યુવાનને રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો અને ઝાપોદર ગામના સરપંચ મનુભાઈ અને ડોકટર જેઠવાએ યુવાનના મોબાઈલમાંથી સીમકાર્ડ કાઢી અન્ય ફોનમાં નાખી તેમના સગાને જાણ કરી હતી. યુવાનની હાલત ગંભીર હોવાથી મહુવા હોસ્પિટલ લઈ જવા દરમિયાન સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યુ હતું. મૃતકનું નામ જાહિદ સમા હોવાનું જાણવા મળ્યુ છે. પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### અવસાન નોંધ

**વીજપડી**

કાદભાઈ ઈસ્માઈલભાઈ ખોખર ખુદાની રહેમતમાં પહોંચી ગયેલ છે. મરહૂમ કાદરભાઈની જયારત તા. ૭/૫/૨૦૨૪ને મંગળવારે સવારે દસ કલાકે પુરૂષો જુમ્મા મસ્જિદ અને ઔરતોની તેમના નિવાસસ્થાને મુ. વીજપડી રાખેલ છે. મરહૂમ કાદરભાઈ તે વીજપડીના પત્રકાર સમીર ખોખરના મોટાબાપુના દિકરા ભાઈ થાય છે.

# દામનગરમાં રૂમમાં સુવા જાઉં છું કહી યુવતી લાપતા બની

દામનગર, તા.૬

દામનગરમાં રહેતી એક યુવતી તેના ઘરે નીચેના રૂમમાં સુવા જાઉં છું તેમ કહી પોતાની મેળે ક્યાંક જતી રહી હતી.

આ અંગે પ્રવિણભાઈ ભીખાભાઈ મકવાણા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી શ્રદ્ધાબેન (ઉ.વ.૨૭) તા.૨૪-૦૪-૨૦૨૪ના રોજ બપોરે અઢીથી ત્રણ વાગ્યા આસપાસ નીચેના રૂમમાં સુવા જાઉં છું તેમ કહીને પોતાની મેળે ક્યાંક જતી રહી હતી.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | Voltas Limited | My Voltas | My Voltas | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

**શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ**

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ


વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




**વી. કે. મોટર્સ**

VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com




## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ એમ.જે.વ્યાસ** એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ કે અમારા અસીલ **શ્રી નયનાબેન ભરતભાઈ ઠુંમર**, રહે. માવજીંજવા, તા.બગસરા, જી.અમરેલી, વાળાની મિલ્કત અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામે ખાતા નંબર.૩૩૬ સર્વે નં.૩૯૧ પૈકી ૧૫ હે.૧-૬૧-૮૮ ખેતીની જમીન આવેલ છે. જેનુ અમારા અસીલશ્રીએ વેચાણ કરેલ છે. જેથી આ જમીનનો રજીસ્ટર દસ્તાવેજ કરવાનો થાય છે.

જેથી ઉપરોક્ત મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યક્તિ નું કે કોઈ નાણાકીય સંસ્થા કે સહકારી, સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓનું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય કે કોઈ ઈસમ/વ્યક્તિ નો લાગ ભાગ હક્ક હિસ્સો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૮ (આઠ)** માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોષ્ટથી જણાવવું અન્યથા તે અંગે કોઈને વાંધો કે તકરાર નથી અને હોય તો તેઓએ સ્વેચ્છાએ જતો કરેલ છે. તેમ માની લેવામાં આવશે. ઉપરોક્ત સમય વિત્યા બાદ આ બાબતે કોઈ તકરાર ગ્રાહ્ય રહેશે નહી જેની લાગતા વળગતા સર્વેયે નોંધ લેવી.

**તા.-૦૬/૦૫/૨૦૨૪**
**સ્થળ:-બગસરા**
**-//અસીલની સહી//-**

**એમ.જે.વ્યાસ-એડવોકેટ**
**હોસ્પિટલ રોડ- બગસરા**
**મો.૯૪૨૮૭ ૯૪૯૪૧**


**સંકુલ ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ - ઈંગ્લીશ મિડીયમ**
**ધો. ૧૧-૧૨ આર્ટસ કોમર્સ સાયંસ - ગર્લ્સ પ્રવેશ**

★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ Since 1997 – વ્યાજબી ફીઝ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ – JEE - NEET - GUJCAT – ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1-A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ પૂર્ણ – અર્ધી સ્કૂલ ફી માફ / પરત

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad016

**॥ બજરંગ સ્ટીલ ॥**

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે

સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી

અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨


## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ એમ.જે.વ્યાસ** એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે અમારા અસીલ ૧) **શ્રી ડોબરીયા નબુબેન કરશનભાઈ**, રહે. માવજીંજવા, ૨) **શ્રી ડોબરીયા કાંતાબેન કરશનભાઈ**, રહે. ડેરી પીપરીયા, ૩) **શ્રી ડોબરીયા ડાયબેન કરશનભાઈ**, રહે. જંગર, તા.કુંકાવાવ, ૪) **શ્રી જીતેન્દ્રભાઈ મનસુખભાઈ સુખડીયા**, રહે.ગીગાસણ, તા.ધારી, ૫) શ્રી **અશોકભાઈ મનસુખભાઈ સુખડીયા**, રહે.ગીગાસણ, તા.ધારી, ૬) શ્રી **રેણુકાબેન મનસુખભાઈ સુખડીયા**, રહે.સાંઈ ફલોરા, સી-૨૦૨, નિકોલ અમદાવાદ, વાળાની સંયુક્ત મિલ્કત અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામે ખાતા નંબર.૨૧ સર્વે નં.૨૫/૨ પૈકી૧ હે.૨-૬૧-૦૨ ખેતીની જમીન આવેલ છે જેનુ અમારા અસીલશ્રીએ વેચાણ કરેલ છે. જેથી આ જમીન નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવાનો થાય છે.

જેથી ઉપરોક્ત મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યક્તિ નું કે કોઈ નાણાકીય સંસ્થા કે સહકારી, સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓનું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય કે કોઈ ઈસમ/વ્યક્તિ નો લાગ ભાગ હક્ક હિસ્સો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૮ (આઠ)** માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોષ્ટથી જણાવવું અન્યથા તે અંગે કોઈને વાંધો કે તકરાર નથી અને હોય તો તેઓએ સ્વેચ્છાએ જતો કરેલ છે. તેમ માની લેવામાં આવશે. ઉપરોક્ત સમય વિત્યા બાદ આ બાબતે કોઈ તકરાર ગ્રાહ્ય રહેશે નહી જેની લાગતા વળગતા સર્વેયે નોંધ લેવી.

**તા.-૦૭/૦૫/૨૦૨૪**
**સ્થળ:-બગસરા**

**એમ.જે.વ્યાસ-એડવોકેટ**
**હોસ્પિટલ રોડ- બગસરા**
**મો.૯૪૨૮૭ ૯૪૯૪૧**

# અમરેલી જિલ્લાના ભાજપ આગેવાનો પોતાના વતનમાં મતદાન કરશે

અમરેલી,તા.૬

અમરેલી લોકસભાનું આજે મતદાન થવા જઈ રહ્યુ છે ત્યારે અમરેલી જિલ્લાના દિગ્ગજ આગેવાનો પોતાના વતનમાં મતદાન કરશે. જેમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા ઈશ્વરીયા પ્રા.શાળા ખાતે સવારે ૭ કલાકે મતદાન કરશે તો ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી માળીલા પ્રા.શાળા ખાતે સવારે ૯:૦૦ કલાકે મતદાન કરશે.ભાજપના



ઉમેદવાર ભરતભાઈ સુતરીયા સવારે પોતાના વતન જરખીયાથી મતદાન કરશે. સાંસદ નારણભાઈ કાછડીયા પણ પોતાના વતનમાં મતદાન કરશે જયારે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દેવરાજીયા ખાતે સવારે મતદાન કરશે અને અશ્વિનભાઈ સાવલીયા સવારે ૮:૦૦ કલાકે પ્રતાપપરા પ્રા.શાળા ખાતે મતદાન કરશે.

### ભાજપ તરફી મતદાન કરવા કૌશિક વેકરીયાની અપીલ

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી લોકસભાના તમામ મતદાર ભાઈ-બહેનોને અપીલ કરતા જણાવ્યું હતું કે "આજરોજ તમામ મતદાર ભાઈ-બહેનો ભાજપ તરફી મતદાન કરી અમરેલી લોકસભામાંથી ભરતભાઈ સુતરીયાને જંગી લીડથી ચૂંટી કાઢે અને નરેન્દ્રભાઈ મોદીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા અમરેલીમાંથી એક કમળ દિલ્હી મોકલે."

## બરવાળા બાવીશી ગામના પુરુષનું સારવારમાં મોત

વડિયા, તા.૬

વડિયાના બરવાળા બાવીશી ગામે રહેતા પ્રતાપભાઈ હરસુરભાઈ ડેર (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ,રમેશભાઈ હરસુરભાઈ ડેર (ઉ.વ.૫૦)ને સને-૨૦૧૫ના વર્ષથી મોઢાના જડબાના કેન્સરની બીમારી હતી. જેમાં સમયાંતરે ત્રણેક ઓપરેશન રાજકોટ મુકામે કરાવ્યા હતા. પરંતુ સારૂ થયું નહોતું, તા.૨૭/૦૪/૨૦૨૪ ના રોજ શ્વાસની તકલીફ થઈ જતા સારવારમાં ખસેડ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

# જાફરાબાદમાં રન ફોર વોટમાં ૧૨૦૦ લોકોએ ભાગ લીધો

જાફરાબાદ, તા.૬



જાફરાબાદ વહીવટી તંત્ર દ્વારા TIP&SWEEP અંતર્ગત એક વિશાળ રેલીનું આયોજન રન ફોર વોટના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. આ રેલી જાફરાબાદ શહેરના હૃદય સમા વિસ્તાર બંદર ચોકથી લઈને કામનાથ મહાદેવ,સાગરશાળા ગિરિરાજ ચોક અને ટાવર ચોકથી થઈને બંદર ચોક ખાતે પરત આવી હતી. આશરે ૧૨૦૦ જેટલા માણસો આ મતદાર જાગૃતિ અભિયાનનો હિસ્સો બન્યા હતા. આ સમગ્ર જનમેદનીએ, આ કાર્યક્રમમાં ઉપસ્થિતોએ પીટી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ૧.૫ km લાંબી દોડ લગાવી હતી અને લોકોને આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માં વધુમાં વધુ પ્રમાણમાં મતદાન કરવા માટે પ્રેરિત કર્યા હતા.

# કોવાયામાં હાર્ટ એટેકથી મહારાષ્ટ્રના યુવકનું મોત

મરીન પીપાવાવ, તા.૬

અમરેલી જિલ્લામાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીની સાથે હાર્ટ એટેકના કેસ પણ વધ્યા છે, કોવાયામાં એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હતું.

રવિન્દ્રનાથ માજી (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, ક્રિસુક પોલટુ સુરેશભાઈ (રહે.મહારાષ્ટ્ર) છેલ્લા થોડા સમયથી કોવાયા આવ્યો હતો અને આંટા મારીને જ્યાં મળે ત્યાં ખાઈને સૂઈ જતો હતો.

વચ્છરાજ હોટલની સામે કોવાયા ખાતે હાર્ટ એટેકથી મોત થયું હતું.

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ હિંમતભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# દરેડ ગામે 'તું તારી ભેંસો બીજે લઈ જા, મારે ખાતર નાખવાનું છે' કહી ખપાળીના ઘા માર્યા

### જાનથી મારી નાખવાની પણ ધમકી આપી

બાબરા, તા.૬

બાબરાના દરેડ ગામે વાડીએ બાંધેલી ભેંસોને લઈ કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી. તારી ભેંસો બાંધેલી છે ત્યાં મારે ખાતર નાંખવાનું છે, તું તારી ભેંસો બીજે લઈ જા તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત ખપાળીનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કરણભાઈ રાજાભાઈ ગરૈયા (ઉ.વ.૨૩)એ લાભુભાઈ અમરાભાઈ ગરૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ જયાબેન પોતાની વાડીએ મા દીકરો ભેંસો બાંધેલી હતી તેને નિરણ પાણી નાખતા હતા. આ દરમિયાન આરોપી સનેડો ટ્રેક્ટર લઈને આવ્યો હતો અને તારી ભેંસો બાંધેલ છે ત્યાં મારે ખાતર નાંખવાનું છે, તું તારી ભેંસો બીજે લઈ જા તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જેથી તેમણે આ જગ્યા પોતાની હોવાનું કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેની પાસે રહેલ લોખંડની ખપાળી વડે માથાના ભાગે બે થી ત્રણ ઘા મારી દેતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. આ દરમિયાન સાહેદ જયાબેન વચ્ચે પડતા તેને પણ લોખંડની ખપાળીનો એક ઘા કપાળમાં ડાબી બાજુ માર્યો હતો. આરોપીએ જતા જતા તેમને હવે અહીં ભેંસો બાંધીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જસવંતગઢના ઈસમને લોકસભા ચૂંટણીને લઈ હદપાર કરવામાં આવ્યો

અમરેલી, તા.૬

અમરેલી એસપીએ લોકસભા ચૂંટણી અંતર્ગત પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સૂચના આપી છે.

જેને લઈ જસવંતગઢના હરેશભાઈ મનજીભાઈ ચારોલીયા (ઉ.વ.૪૮) સામે અમરેલી જિલ્લામાંથી એક વર્ષની મુદ્દત માટે હદપાર કરવામાં આવ્યો હતો. આ કામગીરી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી.ચૌહાણ, એએસઆઈ જયરાજભાઈ વાળા, એએસઆઈ રમેશભાઈ વાળા, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ વાણીયા, પોલીસ કોન્સ્ટેબલ કૌશિકભાઈ ટીલાવત દ્વારા કરવામાં આવી હતી.

# પતિએ પત્નીને મંદિરે લઈ જવાની ના પાડતાં ઝેરી પાવડર પીધો

### વિઠ્ઠલપુર ખંભાળીયા ગામનો બનાવ

અમરેલી, તા.૬

અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે એક યુવકે તેની પત્નીને મંદિરે લઈ જવાની ના પાડી હતી. જેથી પત્નીને લાગી આવ્યું હતું અને ઝેરી પાવડર પી લેતા સારવાર અર્થે ખસેડાઈ હતી. બનાવ અંગે પરિણીતાએ જાહેર કર્યા મુજબ, તેમને ચુડા રાણપુર માતાજીના મંદિરે દર્શન માટે જવું હતું પરંતુ પતિ મંદિરે લઈ જતા નહોતા. જેથી તેમને મનમાં લાગી આવતાં મકોડા મારવાનો ઝેરી પાવડર પી લીધો હતો અને ઝેરી અસર થતાં ચક્કર આવતા પડી જતા માથાના ભાગે ઈજા થઈ હતી અને સારવાર અર્થે ખસેડાયા હતા.

અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં રહેતા એક યુવકે માનસિક બીમારીના કારણે પોતાની મેળે જમણા હાથના કાંડા પર બ્લેડ મારી દેતાં સારવારમાં દાખલ કરાયા હતા.

# લાઠીમાં કેરી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પુરુષ ફોન સ્વીચ ઓફ કરી ગુમ થયો

### લાઠીના પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.ડી. રાઠોડે તપાસ હાથ ધરી

લાઠી, તા.૬

લાઠીમાં રહેતો એક પુરુષ કેરી લેવા જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળ્યા બાદ ફોન સ્વીચ ઓફ કરીને ક્યાંક ગુમ થઈ ગયો હતો. આ અંગે ભુપતભાઈ છગનભાઈ રીજીયા (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, ભરતભાઈ છગનભાઈ રીજીયા (ઉ.વ.૪૫) તા. ૧૦/૦૪/૨૦૨૪ ના બપોરના આશરે બારેક વાગ્યાના અરસામાં ધોકડવા કેરી લેવા જાઉં છું તેવું કહીને પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને કોઈને કાંઈ પણ કહ્યા વગર કયાંક જતો રહ્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી ભુરખીયા મંદિર ટ્રસ્ટ દ્વારા અમરેલીમાં બાળ સંભાળ ગૃહને વોશિંગ મશીનનું દાન

### જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને સંસ્થાના તમામ સ્ટાફે શ્રી ભુરખીયા મંદિર ટ્રસ્ટનો આભાર માન્યો

અમરેલી,તા.૬

અમરેલીમાં આવેલ બાળ સંભાળ ગૃહમાં શ્રી ભુરખીયા મંદિર ટ્રસ્ટ દ્વારા વોશિંગ મશીન દાનમાં આપવામાં આવ્યું હતું. હાલ અહીં ૩૩ બાળકો રહે છે.

આ બાળકોને કપડા ધોવા માટે ફુલ્લી ઓટોમેટીક વોશિંગ મશીન "શ્રી ભુરખીયા મંદિર ટ્રસ્ટ" દ્વારા બાળકોની સુવિધા અને સુખાકારીમાં વધારો કરવા દાન આપવામાં આવ્યુ છે. આ દાન માટે મે.જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.બી.ખેર, મે.જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વી.યુ.જોષી, સરકારી ચિલ્ડ્રન હોમના અધિક્ષક એસ. બી.જોષી તેમજ સંસ્થાના તમામ સ્ટાફે શ્રી ભુરખીયા મંદિર ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૦૭-૦૫-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૫, સૂર્યાસ્ત-૦૭:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૫-૨૦૨૪ મંગળવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે.

કર્ક: પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટ અને સન્માનનો લાભ મળશે.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે.

# જાફરાબાદના ભાડા ગામનો બુટલેગર ત્રણ જિલ્લામાંથી હદપાર કરાયો

અમરેલી,તા.૬

આજે અમરેલી સહિત ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે પોલીસ બુટલેગરો તેમજ માથાભારે ઈસમો સામે કડક હાથે કામ કરી રહી છે. જાફરાબાદના ભાડામાં રહેતા બુટલેગરને રાજુલા સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાંથી હદપારનો હુકમ કર્યો હતો. જાફરાબાદના ભાડામાં મફતપ્લોટ વિસ્તારમાં રહેતા સોમા હમીરભાઈ જાદવ સામે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં દારૂના ૭ ગુના નોંધાયા હતા. ત્યારે લોકસભાની ચૂંટણીને પગલે માથાભારે ઈસમો અને બુટલેગરોને પાસાથી માંડી તડીપાર સુધીની કાર્યવાહી



કરવામાં આવી છે. પોલીસે સોમા હમીરભાઈ જાદવ સામે રાજુલા સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજૂ કરી હતી. રાજુલા સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ડો. મેહુલ બરાસરાએ સોમા જાદવને ત્રણ માસ સુધી અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાંથી હદપાર કરવાનો હુકમ કર્યો હતો. નાગેશ્રી પોલીસે તેમને હદપાર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## દામનગરમાં કુંભનાથ મંદિર પાસે યુવકે ઝેરી દવા પીધી

દામનગર, તા.૬

લાઠીના રાભડા ગામે રહેતા વિપુલભાઈ ગોરધનભાઈ પરમાર (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમના કૌટુંબિક ભાઈ કિરીટભાઈ નાનજીભાઈ પરમારે દામનગરમાં કુંભનાથ મંદિર પાસે કિડી-મકોડા મારવાની ઝેરી દવા પીતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## બાબરીયાધાર ગામેથી ૧૨ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં કુલ ૩ સ્થળેથી ૨૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. જેમાંથી બાબરીયાધાર ગામેથી ૧૨ લીટર, સાવરકુંડલામાંથી ૬ લીટર તથા વિકટરમાંથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. નાગેશ્રી ગામે છેલ્લી પાટીમાંથી ૨, ચલાલા અને લાઠીમાંથી ૧-૧ મળી કુલ ૪ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.


હાર્દિક અભિનંદન

અમરેલી જિલ્લાના ખેડૂતોને સહકારી ક્ષેત્ર મારફત ને વિવિધ સરકારી યોજનાઓનો અવિરત લાભ અપાવનાર ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીને ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી

શુભેચ્છક
શ્રી નાથાભાઈ લક્ષ્મણભાઈ સાવલીયા –પ્રમુખશ્રી
શ્રી રમેશભાઈ લવજીભાઈ સાવલીયા– મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રી
માલવણ સેવા સહકારી મંડળી લી, તા.ધારી, જી.અમરેલી



હાર્દિક અભિનંદન



અમરેલી જિલ્લાના પનોતા પુત્ર અને ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણી ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક
શ્રી નાગજીભાઈ કરમશીભાઈ મકાણી –પ્રમુખશ્રી
શ્રી હંસરાજભાઈ જેઠાભાઈ હપાણી –ઉપપ્રમુખશ્રી
શ્રી ઘનશ્યામભાઈ ભીખુભાઈ હપાણી –મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
દહીડા સેવા સહકારી મંડળી લી. દહીડા, તા. ખાંભા

# ગુજરાતની ૨૫ બેઠકો પર ઉમેદવારો નહી પરંતુ વડાપ્રધાનની ઈમેજ ચૂંટણી લડે છે

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

આજે સાતમી તારીખે મતદાન થવાનું છે. હવામાન ખાતાની આગાહી મુજબ આ દિવસે સખત ગરમી પડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે આથી વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જો ઓછું મતદાન થાય તો તેની અસર ભાજપને મળતા મતની ટકાવારી ઉપર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હોવાથી એવી વાત રહેતી મૂકવામાં આવી છે કે જે ક્ષેત્રમાં ઊંચું મતદાન થશે તે ઉમેદવારને જ મંત્રી પદ મળશે. બિનસત્તાવાર રીતે જાહેર થયેલી આ વાત સૌને સાચી લાગી અને પરિણામે ધારાસભ્યો અને રાજકીય આગેવાનો દોડતા થઈ ગયા. ગઈકાલે સાંજે અમરેલીમાં ભાજપની જંગી રેલી નીકળી તે સમયે એક ઉમેદવાર રેલીમાંથી છુટા પડી ગરમીથી રાહત મેળવવા સોડાની દુકાને ઉભા રહ્યા અને કહેતા હતા કે ગુજરાતમાં મતદાન ઓછું થાય તો તેની સીધી અસર ભાજપને મળતા મતોની ટકાવારી પર થાય. આ વખતે ચૂંટણીમાં ઘણી બેઠકો પર રસાકસીભરી લડાઈ છે એટલે ભાજપના ઉમેદવાર સરળતાથી જીતી જશે તેવું નથી. આ સંજોગોમાં મતદાન ઊંચું કરાવીને ભાજપની તરફેણમાં મત પડે તે માટે આખું સંગઠન મથી રહ્યું છે. જાણવા મળ્યું છે કે વર્તમાન મંત્રીઓ અને ધારાસભ્યોને તો તેમના વિસ્તારમાં ઊંચું મતદાન કરાવવાના ટાર્ગેટ પણ અપાયા છે. પાર્ટીના લોકો કહે છે કે વર્તમાન મંત્રીઓને તો ત્યાં સુધી કહેવાયું છે કે જો તમે મતદાન કરાવવામાં નિષ્ફળ રહેશો તો ભવિષ્યમાં મંત્રીપદની આશા ન રાખશો. એટલું જ નહીં, ચાલુ ધારાસભ્યો માટે એક ઓફર પણ છે કે જો તેઓ સારું એવું મતદાન કરાવી આપે તો ભવિષ્યમાં મંત્રીપદ આપવામાં આવશે, ઊંચું સ્થાન મળશે. જોઈએ કે આ આકર્ષક ઓફરનો લાભ કોણ ઉઠાવી જાય છે એ ચૂંટણી પછીના પરિણામો જ બતાવી આપશે. સૌરાષ્ટ્રમાં રૂપાલાનો વિવાદ ચાલી રહ્યો છે આ વિવાદ ભાજપના મતદાન પર કેવી અસર કરે છે તેની ચર્ચા આખા ગુજરાતમાં થઈ રહી છે. ગયા સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે જે વાતાવરણ સર્જાયું તેના પરથી એવું લાગે છે કે રૂપાલાના વિવાદથી વડાપ્રધાન નારાજ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે જે જગ્યાએ જંગી જાહેર સભાઓ કરી તે વિસ્તારમાં મોદી તરફી વાતાવરણ થઈ ગયું. તેમણે ચાવીરૂપ ગણી શકાય તેવી વ્યક્તિઓને નજીક લાવીને તેના મત અંકે કરી લીધા. જ્યાં જ્યાં સભા કરી ત્યાં આસપાસ સો બસો કિલોમીટરના વિસ્તારમાં આવતી વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણી હોય તો ત્યાંથી પણ ભાજપના ઉમેદવારને બોલાવીને મોદીએ મંચ પર બેસાડયા અને એમના માટે મત માગ્યા. અરે ત્યાં સુધી કે અર્જુન મોઢવાડિયા અને સી.જે. ચાવડા જેવા નેતાઓ કે જેઓ એક સમયે મોદી અને શાહને ભાંડતા હતા તેમના પણ મોદીએ અઢી હજાર વર્ષ પહેલા ચાણક્યે કહેલું




વાક્ય આરસની તકતી પર કોતરી રાખવા જેવું છે કે પ્રજાના પ્રતિનિધિએ એક-એક શબ્દ સમજી વિચારીને બોલવા જોઈએ અને આથી જ કહેવત પડી કે તોલ મોલ કે બોલ. આ વસ્તુ આપણા વિદ્વાન નેતાઓ સમજતા નથી, વ્યર્થ વાણી-વિલાસ કરે છે અને પોતાની જાતે જ પોતાની કારકિર્દીને ધૂળમાં મેળવે છે. હવે વાત એવી છે કે જે રૂપાલાને મોદીએ પોતાની સાથે મંચ પર ન બેસાડયા તેમને મંત્રી પદ આપશે કે કેમ? જો ચૂંટણી બાદ બહુમતી પ્રાપ્ત કરી એનડીએ સરકાર બનાવે તો મોદી સરકારના મંત્રીમંડળની નવરચનામાં હવે રૂપાલાને સ્થાન મળે તેવી શક્યતા ખૂબ ઓછી થઈ ગઈ હશે. એક સમયે ભાજપમાં જેની બોલબાલા હતી તેવા ઘણા નેતાઓ વ્યર્થ વાણી વિલાસને કારણે કદ પ્રમાણે વેતરાઈ ગયા છે તે પ્રજા જાણે છે. વડાપ્રધાનની સભા જે રીતે થઈ તે પરથી એવું અનુમાન લાગે છે કે આ ચૂંટણી કોઈ ઉમેદવાર નથી લડતા પણ વડાપ્રધાનની ઈમેજને કારણે જે તે જગ્યાએ ભાજપ છે ત્યાં કમળ ખીલશે તે નક્કી છે. એમ કહેવાય છે કે રામના નામે પથરા તરી ગયા તો ભાજપને નામે નબળા ઉમેદવારો પણ જંગી બહુમતીથી ચૂંટાઈ જાય તેવું અત્યારે વાતાવરણ છે. જોકે અહીં ઉમેદવારો નબળા છે એવું કહેવાનો આશય નથી કહેવાનું માત્ર એટલું જ છે કે આ ચૂંટણી કોઈ ઉમેદવાર નથી લડતા પણ દરેક જગ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈમેજને લોકો દિલ દઈને મત આપવાના છે તે નક્કી છે. ભાવનગરના રાજકીય આગેવાન જાહેરમાં બોલ્યા હતા કે દરેક ઉમેદવારો વડાપ્રધાનની ઈમેજને કારણે ચૂંટાઈ જવાના હોય તો ચૂંટણી ફંડ ઓછું નહીં વપરાય? આ વાત પણ લોકોને ગળે ઉતરી જાય તેવી જ છે એમ કહેવાય છે કે ભાજપના કેટલાક ઉમેદવારો પાર્ટી પાસેથી મળેલું ફંડ જબરદસ્ત રીતે બચાવી રહ્યા છે. એવું નથી કે તેઓ વધુ પડતો ખર્ચ કરવામાં પાછીપાની કરે છે, પરંતુ પાર્ટીએ આપેલું છ સાત કરોડ જેટલું ફંડ તેમને મહામૂલું લાગી રહ્યું છે. તેઓને લાગે છે કે હાલ જે લહેર ચાલી રહી છે, તેમાં મોદીના નામે પોતે ચૂંટણી ચોક્કસ જીતી જવાના છે તેવો આત્મવિશ્વાસ છે અને મતદારો પણ મોદીને નામે કમળને જ મત આપવાના છે. એક ભાઈએ સાચું કહ્યું કે મોદીની રામ ભક્તિ એક જુવાળ બનીને, એક સુનામી બનીને આવી રહી છે. જે લોકો વિવાદ કરી રહ્યા છે તે લોકો પણ ખાનગીમાં કમળને જ મત આપવાના છે કારણ કે તેઓ કહે છે કે અમારા દિલમાં પણ રામ વસે છે ! અમુક ઉમેદવારો એવું માને છે કે મોદીના નામે, રામને નામે કમળને નામે,આપણે જીતી જવાના છીએ તો ચૂંટણી ફંડના રૂપિયા શા માટે વ્યર્થ વાપરી નાખવા? જોકે આ નાણાં પાર્ટીને પાછા સુપરત કરવા જોઈએ. પરંતુ ઘણા ઉમેદવારો એવું વિચારી રહ્યા છે કે કંઈક સેટિંગ કરી નાખીએ. જોકે આ કરવા માટે ચૂંટણી પંચને જવાબ દેવા પડે તથા ભાજપના મોવડી મંડળને પણ જવાબ દેવા પડે એટલે આવી હિંમત ભાગ્યે જ કોઈ કરે એવું બને. આ તરફ પાટણના ભરતજી ડાભીને ચૂંટણી પંચે તેમના ખર્ચના હિસાબો મોકલવા ત્રણ-ત્રણ વાર નોટિસ આપી છે. એટલે ચૂંટણી પંચના કારણે પૈસા બાબતમાં કોઈપણ કોઈ રીતે સેટિંગ થઈ શકે તેવી શક્યતા ઉમેદવારોને લાગતી નથી. સાતમી તારીખે સૂરજ માથે આવે તે પહેલા સિનિયર સિટીઝનોએ મતદાન કરી નાખવું જોઈએ જેથી તેને તડકો ન લાગે અથવા તો સાંજે સાંજ ઢળી જાય પછી એટલે કે છેલ્લા કલાકે મતદાન કરવું જોઈએ. બની શકે તો મતદાનનો ટાઈમ વધારવામાં આવે તે જરૂરી છે. ઉનાળાની સખત ગરમીમાં લોકો સાંજના સમયે જ મતદાન કરવા વધુ પ્રમાણમાં આવશે તે પણ એટલું જ સાચું છે. આ વખતની ચૂંટણી ખૂબ રસપ્રદ બનશે તે પણ એટલું જ સાચું છે. રામના અસ્તિત્વ અંગે સબૂત માગનારાને લોકો કોઈ સંજોગોમાં મત નહીં આપે પણ હિન્દુ એકતાને અખંડિત રાખવાની અપીલ હકીકતમાં કામ કરી જશે અને કમળ ખીલી જશે એ પણ એટલું જ સાચું છે.

**ગુજરાતની ૨૬ બેઠકો પર એક ઇતિહાસ રચાશે. હિન્દુ એકતાને અખંડિત રાખવાની અપીલ વિવાદને શમાવી દેશે પરંતુ જે વિવાદ થયો તે નેતા ભલે જીતી જાય પણ મહત્વનું પદ મળશે કે કેમ એ શંકા છે. ચૂંટણી ફંડ પણ આજે મહત્વનો મુદ્દો બન્યો છે.**

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૮૧ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૩૦ |
| જુવાર પીળી | ૪૨૦ | ૪૬૦ |
| બાજરી | ૩૬૦ | ૪૭૦ |
| તુવેર | ૧૮૫૦ | ૨૩૦૧ |
| ચણા પીળા | ૧૦૬૦ | ૧૨૨૫ |
| ચણા સફેદ | ૧૫૦૫ | ૨૦૪૦ |
| અડદ | ૧૬૩૫ | ૧૯૫૮ |
| મગ | ૧૪૨૦ | ૨૦૮૮ |
| વાલ દેશી | ૧૪૦૦ | ૨૧૩૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૯૮૦ |
| મઠ | ૧૦૩૫ | ૧૧૭૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૬૩૫ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૧૨૫ | ૧૩૨૯ |
| મગફળી જીણી | ૧૧૨૫ | ૧૨૮૫ |
| અળશી | ૧૦૩૬ | ૧૦૩૬ |
| તલી | ૨૩૦૦ | ૨૭૦૦ |
| સુરજમુખી | ૫૫૧ | ૬૫૧ |
| એરંડા | ૯૫૦ | ૧૦૯૭ |
| અજમો | ૧૫૦૧ | ૨૮૦૦ |
| સુવા | ૧૩૪૦ | ૧૬૫૦ |
| સોયાબીન | ૮૪૫ | ૮૯૦ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૫૬૫ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૧૬૯ |
| લસણ | ૧૫૦૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૨૫૫ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૧૧૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૩૦૧ | ૧૮૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૯૫૦ |
| જીરૂ | ૪,૧૦૦ | ૫,૦૦૧ |
| રાય | ૧૧૫૦ | ૧,૩૩૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૩૦ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૨૪૦૧ |
| કલોંજી | ૩૨૮૦ | ૩૯૨૦ |
| રાયડો | ૮૫૦ | ૯૭૦ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૨૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૫૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| શક્કરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૮૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૩૬૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૧૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૧૦ | ૨૨૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ |
| સરગવો | ૨૩૦ | ૪૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૩૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૩૦ |
| ગાજર | ૧૪૦ | ૨૬૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ગલકા | ૧૫૦ | ૩૫૦ |
| બીટ | ૧૫૦ | ૨૬૦ |
| મેથી | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૯૦ | ૧૫૧૪ |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૪૨ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| શિંગ ફાડા | ૧૪૫૦ | ૧૫૯૬ |
| તલ સફેદ | ૧૯૬૫ | ૨૭૧૫ |
| તલ કાળા | ૨૭૯૫ | ૨૯૯૦ |
| તલ કાશ્મીરી | ૨૧૬૮ | ૩૩૩૭ |
| બાજરો | ૩૦૧ | ૪૯૦ |
| જુવાર | ૪૪૫ | ૭૯૧ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૭૨ |
| ઘઉં લોકવન | ૪૫૩ | ૬૦૧ |
| ચણા | ૯૫૦ | ૧૨૪૬ |
| ચણા દેશી | ૧૨૫૪ | ૧૩૬૨ |
| તુવેર | ૧૨૧૦ | ૨૦૬૧ |
| એરંડા | ૧૦૨૫ | ૧૦૬૮ |
| જીરું | ૨,૫૦૦ | ૪,૨૯૦ |
| રાયડો | ૯૦૩ | ૯૦૩ |
| રાઈ | ૮૩૦ | ૧૧૪૦ |
| ગમ ગુવાર | ૯૩૫ | ૯૩૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૭૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૮૩૦ |
| મેથી | ૬૦૦ | ૯૭૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૮ |
| મરચા લાંબા | ૬૩૦ | ૨૪૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૧૦ | ૫૧૦ |
| ફુલાવર | ૩૦૦ | ૩૫૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૧૦ |
| શક્કરિયા | ૪૨૦ | ૫૨૦ |
| ટામેટા | ૩૫૦ | ૪૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૫૦ |
| દૂધી | ૧૪૦ | ૨૪૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૧૦ | ૪૧૦ |
| ગુવાર | ૩૨૦ | ૬૨૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળાશીંગ | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૩૦ | ૬૩૦ |
| પાકી કેરી | ૧૨૧૦ | ૨૦૨૧ |
| ભીંડો | ૩૧૦ | ૬૧૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૭૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૪૧૦ | ૫૧૦ |
| ફુદીનો | ૪૩૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| ગરમર | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૩૫૦ | ૪૫૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૨૦ | ૧૦૨૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સૂકું | ૨૨૦૦ | ૨૭૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| કાચી કેરી | ૮૧૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૨૩૫ |
| મગફળી નવી | ૧૨૦૪ | ૧૩૨૬ |
| તલ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૯૦૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૬૩૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| તુવેર | ૧૭૦૦ | ૨૧૩૬ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૨૫૧ | ૧૫૦૫ |
| મકાઈ | ૪૦૦ | ૪૭૫ |
| **બાબરા** | | |
| કપાસશંકર | ૧૩૦૨ | ૧૫૨૮ |
| મગફળી | ૧૧૨૮ | ૧૧૫૨ |
| ઘઉં | ૪૫૫ | ૫૮૫ |
| ચણા | ૧૧૫૨ | ૧૨૨૮ |
| જીરૂ | ૩૬૩૦ | ૫૨૦૦ |
| એરંડા | ૧૦૦૫ | ૧૦૫૫ |
| તલ સફેદ | ૨૩૬૦ | ૨૬૧૦ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૨૬ | ૫૧૨ |
| ચણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ચણા છોલે | ૧૭૫૬ | ૧૭૫૬ |
| ધાણા | ૧૦૫૫ | ૧૨૭૧ |
| એરંડા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| સોયાબીન | ૮૩૦ | ૮૩૧ |
| બાજરો | ૪૭૬ | ૪૭૬ |
| સફેદ તલ | ૨૨૦૧ | ૨૫૭૫ |
| એરંડા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૦૩ | ૧૨૨૬ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૩ | ૧૨૬૦ |
| એરંડા | ૪૦૦ | ૧૦૬૭ |
| જુવાર | ૪૦૧ | ૮૫૩ |
| બાજરી | ૩૭૦ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૩૮૨ | ૬૮૬ |
| મગ | ૧૪૦૦ | ૧૮૦૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૩૬ |
| તુવેર | ૧૦૦૫ | ૨૨૦૧ |
| ડુંગળી લાલ | ૧૨૪ | ૩૧૬ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૯૪ |
| કપાસ શંકર | ૯૦૧ | ૧૩૯૬ |
| નાળીયેર | ૩૫૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલ કાળા | ૨૨૨૧ | ૩૦૬૫ |
| તલ સફેદ | ૨૧૯૧ | ૨૬૮૨ |
| સોયાબીન | ૮૨૧ | ૮૨૨ |
| ચણા દેશી | ૧૨૩૫ | ૧૨૩૫ |
| શીંગ નવી | ૧૨૦૦ | ૧૪૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૨૦૦ | ૨૦૨૫ |
| મગફળી | ૮૦૦ | ૧૨૦૦ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૪૬૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૦૯ |
| મેથી | ૮૦૦ | ૯૨૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૬ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૦૬ |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૧ |
| મગફળી જીણી | ૮૯૧ | ૧૪૩૬ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૫૧ |
| શીંગ ફાડા | ૮૦૦ | ૧૫૬૧ |
| એરંડા | ૯૦૧ | ૧૧૦૬ |
| તલ | ૨૪૦૧ | ૨૬૩૧ |
| તલ લાલ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૭૧ |
| ઈસબગુલ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| કલોંજી | ૧૫૦૧ | ૩૮૬૧ |
| વરિયાળી | ૧૦૨૧ | ૧૩૩૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૭૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૨૨૬ |
| મરચા | ૭૦૧ | ૩૪૦૧ |
| મરચા સૂ.પટ્ટો | ૬૦૧ | ૪૫૦૧ |
| મ.સૂ.ઘોલર | ૯૯૧ | ૩૩૦૧ |
| ડુંગળી | ૭૧ | ૨૫૬ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૨૭૨ |
| ગુવારનું બી | ૯૫૧ | ૯૫૧ |
| બાજરો | ૩૮૧ | ૪૧૧ |
| જુવાર | ૪૫૧ | ૮૨૧ |
| મગ | ૮૦૧ | ૨૦૧૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૬ |
| વાલ | ૫૦૧ | ૨૦૪૧ |
| અડદ | ૮૧૧ | ૧૯૦૧ |
| ચોળા/ચોળી | ૯૫૧ | ૨૩૫૧ |
| મઠ | ૧૦૨૬ | ૧૦૨૬ |
| તુવેર | ૧૦૦૧ | ૨૩૬૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૭૬ |
| રાયડો | ૮૫૧ | ૯૬૧ |
| રાઈ | ૯૧૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૫૧ | ૧૨૯૧ |
| સુવા | ૯૫૧ | ૧૧૩૧ |
| ગોગળી | ૭૫૦ | ૧૧૮૧ |
| કાંગ | ૮૧૧ | ૯૬૧ |
| વટાણા | ૫૯૧ | ૧૨૨૧ |
| ચણા સફેદ | ૧૨૨૧ | ૨૧૭૧ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| તલ | ૨૩૫૦ | ૨૬૬૫ |
| બાજરો | ૪૩૫ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૫ |
| જુવાર | ૪૬૧ | ૭૭૨ |
| મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૩૪૦૦ |
| એરંડા | ૮૫૦ | ૯૦૦ |
| રાઈ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| રાજગારો | ૧૨૫૧ | ૧૨૫૧ |
| અજમા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૬૬૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૨ | ૧૪૨૬ |
| ઘઉં | ૪૬૦ | ૫૨૦ |
| જીરૂ | ૩૮૧૦ | ૩૮૧૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૧૯૯ |
| બાજરો | ૪૬૧ | ૪૯૦ |
| તલ સફેદ | ૨૬૪૩ | ૨૬૫૬ |
| એરંડા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| જુવાર સફેદ | ૬૧૬ | ૭૨૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૬૯ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૨૭ |
| ચણા | ૮૮૦ | ૧૧૪૨ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૧૨ |
| તુવેર | ૧૦૦૫ | ૧૦૦૫ |
| જુવાર | ૫૧૫ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૧ |
| એરંડી | ૧૦૦૪ | ૧૦૧૦ |
| ઈસબગુલ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રાય | ૭૯૫ | ૭૯૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૧૨ |
| મગફળી | ૯૩૨ | ૧૧૫૦ |
| રાયડો | ૯૧૫ | ૯૧૫ |
| **કોડીનાર** | | |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ચણા દેશી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| એરંડી | ૯૫૦ | ૧૦૮૬ |
| રાયડો | ૯૪૦ | ૧૦૦૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૪૨ |
| મેથી | ૯૦૦ | ૧૦૪૬ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૪ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૨૩ |
| મગ | ૧૫૫૦ | ૨૦૦૧ |
| રાયડો | ૯૪૦ | ૧૦૦૫ |
| બાજરી હા. | ૪૨૫ | ૫૩૫ |
| મગફળી ૩૨ | ૧૧૪૨ | ૧૨૭૧ |
| મગફળી૨૦ | ૧૧૮૨ | ૧૩૧૧ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| જુવાર | ૩૦૦ | ૩૪૦ |
| બાજરો | ૩૬૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૨૦ | ૫૬૫ |
| તુવેર | ૧૩૪૫ | ૨૧૫૦ |
| મેથી | ૮૮૦ | ૧૧૪૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૩ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૧૦૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૯૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| રાયડો | ૮૩૦ | ૧૦૦૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| લસણ | ૮૭૦ | ૨૯૭૦ |
| જીરૂ | ૨,૦૦૦ | ૪,૪૭૦ |
| અજમો | ૨૨૪૦ | ૩૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૭૦ |
| ઈસબગુલ | ૨૦૦૦ | ૨૧૦૫ |

## શબ્દ સંજોગ-૧૭૯૬



**આડી ચાવી :**
(૧) ઈતિહાસ (૪)
(૪) એક પક્ષીનો પર્યાય (૨)
(૭) માની...તો દરેક સંતાન પ્રત્યે હોય જ (૩)
(૯) વિદ્યા......થી શોભે (૩)
(૧૨) ગૃહિણીનું હથિયાર અહી થયું આડુ-અવળુ (૩)
(૧૩) ફરક, તફાવત (૩)
(૧૫) એક રાગ (૩)
(૧૭) ત્રણ રતી જેટલું તોલ (૨)
(૧૮) ઈશ્ક, મહોબ્બત (૨)
(૧૯) એક ઝાડ (૩)
(૨૨) પતિ, ધણી (૨)
(૨૪) ....છે ખખડેય ખરા...! (૩)
(૨૫) એક રાશિ (૨)
(૨૬) ગઈકાલ પહેલાનું કે આવતીકાલ પછીનું (૩)
(૨૮) ઉછાળો, ઉભરો (૨)
(૨૯) હિંદુ મહિનાનો દિવસ (૨)
(૩૦) ઈટલીનું જાણીતુ શહેર (૨)
(૩૧) નામની આગળ માનાર્થે વપરાતો શબ્દ (૧)

**ઉભી ચાવી :**
(૧) અને (૨)
(૨) વીસ ઘા કાગળ (૨)
(૩) એક ફરસાણ (૩)
(૫) સૂર્ય, સૂરજ (૨)
(૬) એક અંગ્રેજી આલ્ફાબેટ (૨)
(૮) રસોડાનું એક સાધન (૩)
(૧૦) દૃષ્ટિ (૩)
(૧૧) સફેદ, ધવલ (૨)
(૧૩) ખાસ, પોતીકું (૩)
(૧૪) ઘોડાની એકધારા વેગવાળી ચાલ (૩)
(૧૫) એક દેવતા (૩)
(૧૬) આના વગર જીવન ચાલે જ નહિ (૨)
(૨૦) બિલાડો (૩)
(૨૧) એક કંદ (૩)
(૨૩) ભગવાન વિષ્ણુ આ નામ પણ ઓળખાય છે (૩)
(૨૬) ઘડીનો સાતમો ભાગ (૨)
(૨૭) બુધ્ધિ (૨)
(૨૮) બળ, જુસ્સો (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૫ જવાબ

**આડી ચાવી :** (૧) ત્રિપુરા (૩) પકડદાવ (૬) હવન (૭) ભગત (૯) ડૂમકો (૧૦) રબી (૧૧) પાન (૧૨) કંદન (૧૪) દલ (૧૫) એબ (૧૬) વળતર (૧૮) લલાટ (૨૧) ગોર (૨૪) વનવે (૨૬) ડફલી (૨૭) બાજરી (૨૮) ગરજ.
**ઉભી ચાવી :** (૧) ત્રિષ્ટુભ (૨) રાહત (૩) પનડૂબી (૪) ડપકો (૫) વડવાનલ (૮) ગલકંબલ (૧૦) રન (૧૧) પાદર (૧૩) અળગો (૧૭) તરડજ (જડતર) (૧૯) લાવરી (૨૦) ટન (૨૨) પલીતો (૨૩) કંબા (૨૫) વેગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### ૧૦ લોકો શ્રમિકોના માઇન્ડ વોશ કરીને ધર્મ પરિવર્તન કરાવતા હતા

# ગાંધીનગરમાં ધર્મપરિવર્તન કરાતું હોવાનો હિન્દુ સંગઠનનો દાવો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૬

અમદાવાદ ગાંધીનગરમાં બ્રેઈન વોશ કરી ધર્મ પરિવર્તન કરાવતા લોકોને પકડી પાડવામાં આવ્યા હોવાનો હિન્દુ સંગઠનનોએ દાવો કર્યો છે. આ મામલે ધર્મપરિવર્તન કરાવતા ૧૦થી વધુ લોકોને પકડી પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ સેકટર ૫ ખાતેથી ધર્મપરિવર્તન કરાવતા લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં કેટલાક શ્રમિકોનું માઈન્ડ વોશ કરીને તેમનો ધર્મ બદલાવવામાં આવી રહ્યો હોવાની માહિતી મળી રહી છે.



તમને જણાવી દઈએ કે અમદાવાદ ગાંધીનગરના સેક્ટર ૫ ખાતે કેટલાક શ્રમિક પરિવારોનું માઈન્ડ વોશ કરી ધર્મપરિવર્તન કરાતું હોવાનો હિન્દુ સંગઠન દ્વારા દાવો કરવામાં આવ્યો છે જે બાદ ધર્મપરિવર્તન કરાવી રહેલા ૧૦ લોકોને પકડી પાડવામાં આવ્યાં છે. ધર્મ પરિવર્તનની પ્રક્રિયા ચાલી રહી હતી તે સમયે હિન્દુ સંગઠનના લોકો ત્યાં પહોંચ્યા હતા. જે બાદ સમગ્ર મામલો હવે પોલીસ સ્ટેશન પહોચ્યો છે. પકડેલા તમામ લોકોને સેકટર ૭ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા છે. આ સાથે પકડાયેલા તમામ લોકો પર અટકાયતી પગલાં લેવા લેખિત અરજી આપવામાં આવી હતી.

# ભાજપના મંત્રી કનુ દેસાઈએ કોળી સમાજની માફી માંગી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૬



ગુજરાતની ૨૫ લોકસભા બેઠક પર ત્રીજા તબક્કાનું મતદાન આજે એટલે કે ૭ મેના રોજ યોજાશે. ત્યારે ભાજપ સામે વિરોધનો વંટોળ થંભવાનું નામ લેતો નથી. રાજકોટ બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ ભભૂકી રહ્યો જ હતો ત્યાં હવે ગુજરાત સરકારના મંત્રી કનુ દેસાઈની વિવાદિત ટિપ્પણી બાદ કોળી સમાજમાં આક્રોશ ભડક્યો હતો. જેને લઈને છેવટે કનુભાઈ દેસાઈએ માફી માગવી પડી હતી.

ગુજરાત સરકારમાં મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે મારો ઈરાદો કોળી સમાજની લાગણી દુભાવવાનો નહોતો. વીડિયો અને મારા નિવેદનને મારી મચડીને રજૂ કરવામાં આવ્યો છે. વલસાડની તડપદી ભાષામાં બોલવામાં આવેલી કહેવતને કાટ-છાંટ કરીને રજૂ કરવામાં આવી હતી. જો કોળી સમાજની લાગણી દુભાઈ હોય તો હું માફી માગુ છું. હું વર્ષોથી વલસાડ જિલ્લાના કોળી સમાજ સાથે સંકળાયેલો રહ્યો છું. મેં દરેક કામમાં સક્રિય રીતે ટેકો કર્યો છે. મેં જે કાર્યક્રમમાં આ ટિપ્પણી કરી હતી ત્યાં કોળી સમાજના આગેવાનો પહેલાથી જ હાજર હતા. જો તમે વીડિયો જોશો તો જાણી જશો કે તેનાથી કોઈનો વિરોધ કરાયો નથી કે વાંધજનક ટિપ્પણી પણ કરાઈ નથી.


ઉલ્લેખનીય છે કે કનુ દેસાઈએ થોડા દિવસો પહેલા ચૂંટણી પ્રચાર દરમિયાન કોળી સમાજને લઈને વિવાદિત નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'કોળિયા કુટાય અને ધોળીયા ચૂંટાય' આ નિવેદન બાદ કોળી સમાજમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે કોળી સમાજના આગેવાન મુન્ના બાવળિયાએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે 'અમે ખોબલે ખોબલે ભાજપને જ મત આપ્યા છતાં અમારું જ અપમાન કેમ કર્યું? કનુ દેસાઈએ જેમ જાહેર મંચથી અપમાન કર્યું એમ જ જાહેરમાં માફી માંગે. ભાજપે કડકમાં કડક કાર્યવાહી પણ કરવી જોઈએ. અમે લોકોને એકત્રિત કરીએ એટલા સક્ષમ નથી પણ ધારીએ તેને હરાવી શકીએ છીએ. કોળી સમાજ પાસે મતની તાકાત ખૂબ મોટી છે.'

આ મામલે અખિલ ભારતીય કોળી સમાજના ઉપ પ્રમુખ પ્રવિણ સોલંકીએ કહ્યું હતું કે, નાણા મંત્રી દરજ્જાના વ્યક્તિ આ રીતનો વાણી વિલાસ કરે તો કોળી સમાજ કોઈ દિવસ સાથે નહીં રહે. આ ટિપ્પણીનું પરિણામ કનુ દેસાઈએ ભોગવવુ પડશે. બધા સમાજ માટે આવા બફાટ થાય છે તો ભાજપ હાઈકમાન્ડ ચૂપ કેમ છે? આ મોટા દરજ્જાના નેતાઓ બફાટ કરે છે, આ ભુલ ન કહેવાય. કનુ દેસાઈએ રાજીનામું આપવું જ પડશે ત્યાં સુધી કોળી સમાજ માફ કરશે નહીં.'

# જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર આવેલ પેટ્રોલ પંપે ત્રાટકતા તસ્કરો

(એ.આર.એલ),જામનગર,તા.૬

જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર જાયવા ગામના પાટીયા પાસે આવેલા એક પેટ્રોલ પંપને ગઈ રાત્રિ દરમિયાન તસ્કરોએ નિશાન બનાવ્યો હતો અને અંદરથી રૂપિયા એક લાખ તેર હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવાઈ છે. પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી કેમેરામાં ચાર તસ્કરો દેખાયા હોવાથી પોલીસ દ્વારા તેઓની શોધખોળ ચલાવાઈ રહી છે.



આ બનાવની વિગત એવી છે કે રાજકોટમાં રહેતા ગીરીરાજસિંહ હરિશ્ચંદ્ર સિંહ ગોહિલ કે જેઓની માલિકીનો વિરાજ પેટ્રોલિયમ નામનો પેટ્રોલ પંપ જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોલ નજીક જાયવા ગામના પાટીયા પાસે આવેલો છે.

# વડિયાના કોલડા ગામે જિંદગીથી કંટાળીને દંપતીએ આત્મહત્યા કરી

(એ.આર.એલ),અમરેલી,તા.૬

જામકંડોરણામાં વૃદ્ધ દંપતીએ ગળાફાંસો ખાઈને સજોડે આત્મહત્યા કરી લેવાના બનાવની હજુ શાહી સૂકાઈ નથી ત્યાં વડિયા નજીક આવેલા કોલડા ગામે વૃદ્ધ દંપતીને જિંદગી અતિશય આકરી લાગતા બન્નેએ સજોડે ઝેરી ટીકડા ગળી આત્મહત્યા કરી લેતાં નાનકડા ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. જામકંડોરણામાં કેન્સરની બીમારીથી કંટાળી જઈ વૃદ્ધાએ અને એના વૃદ્ધ પતિને પણ બીમારીથી કંટાળો આવી જતાં દોરડા બાંધી સજોડે આત્મહત્યા કરી લેવાની ઘટના બની હતી. આવી જ ઘટના વડિયા તાલુકાના કોલડા ગામે બની છે. આ ગામે રહેતા નાનજીભાઈ ભીખાભાઈ સોંદરવા (ઉ.વ.૭૫) અને જીવતીબેન નાનજીભાઈ સોંદરવા (ઉ.વ.૭૪)એ ઝેરી ટીકડા પી જીવનનો અંત આણી લીધો હતો.

# ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી પહેલીવાર કોઈ મુસ્લિમ ઉમેદવાર નહીં

(એ.આર.એલ) ,અમદાવાદ,તા.૬

લોકસભા ચૂંટણીમાં આવતીકાલે ૭મેના રોજ ત્રીજા તબક્કાનું મતદાન થશે. કોંગ્રેસે ચૂંટણીમાં મુસ્લિમ ઉમેદવારોની પરંપરા તોડી છે. પ્રથમ વખત ગુજરાતમાં કોંગ્રેસે એક પણ મુસ્લિમ ઉમેદવાર ચૂંટણીમાં ઉભા રાખ્યા નથી. રાજ્યમાં લોકસભા ચૂંટણીમાં કુલ ૩૫ મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. આ તમામ ઉમેદવારોમાંથી મોટા ભાગના સ્વતંત્ર ચૂંટણી લડી રહ્યા છે. ગાંધીનગરથી બસપાએ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી છે.



આ વખતની લોકસભા ચૂંટણીમાં મુસ્લિમ સમુદાયના એકપણ વ્યક્તિને ઉમેદવાર ના બનાવવા પાછળ કોંગ્રેસે કારણ આપ્યું છે. કોંગ્રેસે જણાવ્યું કે પક્ષના ઈન્ડિયા મહાગઠબંધનને લઈને બેઠકોની વહેંચણી મહત્વની બની રહી. આ મામલે અન્ય પક્ષોને સાથે રાખવા તેમણે મુસ્લિમ ઉમેદવારોનો ભોગ આપ્યો છે. જે બેઠકો પર અગાઉ મુસ્લિમ ઉમેદવારો હતા ત્યાં અન્ય ઉમેદવારને ટિકિટ આપી છે. રાજકીય રીતે ત્રણ મહત્વના પક્ષો સિવાય ફક્ત બસપાએ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. ૨૦૧૯માં બસપાએ પંચમહાલથી મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપી હતી.

# રાજ્યમાં ૧૪૭૯ આચારસંહિતા ભંગની ફરિયાદો મળી, ૯૯ ટકાનો નીવેડો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૬

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભા ચૂંટણીની જાહેરાત કરવાની સાથે ગુજરાતમાં આદર્શ આચારસંહિતા લાગી ગઈ હતી. આદર્શ આચારસંહિતા લાગ્યા પછી ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ આચારસંહિતા ભંગની કુલ ૮,૭૫૨ ફરિયાદ નોંધાઈ હતી. તેમાંથી ૧૯૬ ફરિયાદોને પડતી મૂકવામાં આવી હતી.

તેમાં સીવીજીએલ પર કુલ ૧,૪૭૯ ફરિયાદો ચૂંટણીપંચને મળી હતી. આ સિવાય ચૂંટણીપંચના કંટ્રોલ રૂમને કુલ ૭,૨૭૩ ફરિયાદ મળી હતી. ચૂંટણીપંચે કુલ ૮,૭૫૨ ફરિયાદમાંથી ૮,૪૨૪ ફરિયાદનો નિકાલ કર્યો હતો. આમ ફરિયાદોના ઉકેલની તીવ્રતામાં વધારો જોવા મળ્યો છે. હવે ડિજિટાઈઝેશન વધી રહ્યુ છે તે જોતાં આગામી સમયમાં સીવીજીએલ એપ પર મળતી ફરિયાદોની સંભાવનામાં પણ નોંધપાત્ર વધારો થાય તેવી સંભાવના છે.




કેન્દ્રીય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીની ઘોષણા થઈ ત્યારથી અત્યાર સુધીમાં તેને સી-વિજિલ એપ્લિકેશન દ્વારા આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘનની ૭૯,૦૦૦ થી વધુ ફરિયાદો મળી છે. "૯૯ ટકાથી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને તેમાંથી લગભગ ૮૯ ટકા ફરિયાદો ૧૦૦ મિનિટની અંદર ઉકેલાઈ ગઈ છે.




# સુરતમાં ધો.૮નો વિદ્યાર્થી તળાવમાં નહાવા ગયા બાદ ડૂબી જતા મોત

સુરત તા.૬

સુરતના ઉધના વિસ્તારમાં લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝ નજીક બાંધકામ સાઈટની બાજુમાં ખાનગી તળાવ બનાવવામાં આવ્યું હતું, જેમાં ઉધના વિસ્તારનાં ૪ કિશોર નહાવા ગયા હતા. એ પૈકીનો એક કિશોર ડૂબી જતાં તેનું મોત નિપજ્યું છે. કિશોર તળાવમાં ડૂબતાં ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. તેને



બચાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો, પરંતુ અંતે તેના શ્વાસ બંધ થતાં પરિવારમાં શોકનો માહોલ પ્રસરી ગયો હતો. ઉધના પ્રભુનગર સોસાયટીમાં રહેતા અને પાંડેસરામાં ડાઈંગ મિલમાં કામ કરતા ઘનશ્યામ પાટીલનો ૧૨ વર્ષીય પુત્ર આકાશ તળાવમાં નહાવા જતાં ડૂબી ગયો હતો.












અસહ્ય ગરમીના કારણે તંત્ર દ્વારા મતદારોને વહેલું મતદાન કરવા અપીલ કરાઈ

# આગામી ૩ દિવસ ગુજરાતમાં ભીષણ ગરમી પડવાની સંભાવના, યલો એલર્ટ જાહેર કરાયું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૬

આજે ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું મતદાન થનાર છે અને ભારે ગરમી અને હીટવેવની આગાહી કરવામાં આવી છે ત્યારે તંત્ર દ્વારા મતદારોને વહેલું મતદાન કરવા અપીલ કરાઈ છે. જેથી કરીને મતદારોએ બપોરના તાપમાં હેરાન ના થવું પડે. આ વખતે ગરમી તમામ રેકોર્ડ તોડશે તેવી પણ સંભાવનાઓ વર્તાઈ રહી છે. ખાસ કરીને આવતીકાલથી આગામી



૪ થી ૫ દિવસ સુધી ગુજરાતમાં ભારે ગરમી અને ઉકળાટની સ્થિતિ રહેશે. હવામાન વિભાગે ૫ દિવસ હીટવેવની આગાહી કરી છે. જેને પગલે મતદાનના દિવસે લોકોએ આકરી ગરમી સહન કરવી પડશે, અમદાવાદમાં તાપમાન ૭ મેના રોજ ૪૨ ડિગ્રીને પાર પહોંચી શકે છે. આજે મંગળવારે ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે. મતદાન વચ્ચે ગુજરાતમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી અથવા તેને પાર પહોંચે એવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેથી કામ વિના ઘરેથી બહાર ન નીકળવાની પણ સલાહ આપવામાં આવી છે. આવી સ્થિતિમાં તંત્ર દ્વારા મતદાનને લઈને પણ ખાસ અપીલ કરાઈ છે.

# ઝારખંડમાં એક મંત્રીના સેક્રેટરીના નોકરને ત્યાંથી ૩૦ કરોડની રોકડ પકડાતાં ખળભળાટ

આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા

(એ.આર.એલ),રાંચી,તા.૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ઝારખંડના રાંચીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને આ દરમિયાન રોકડ રૂપે મોટી રકમ જપ્ત કરી હતી. ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી ઈડીએ આ જંગી રોકડ જપ્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ રોકડ રૂપિયા ૨૦ થી ૩૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. હાલમાં



નોટ ગણવાના મશીનો મંગાવાયા છે. ઈડીએ ફેબ્રુઆરી ૨૦૨૩માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે. રામની ધરપકડ કરી હતી. કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ઈડીનું માનવું છે કે આ કાળા નાણાંનો એક ભાગ છે. થોડા દિવસ પહેલા જ જ્યારે પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા ત્યારે તેમણે ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ કાર્યવાહી તેમની રેલીના થોડા દિવસો બાદ થઈ છે જેમાં મોટી રકમની રોકડ મળી આવી છે. આલમગીર આલમ પાકુર વિધાનસભાથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી છે.

# મેઘાલયમાં સગીરા સાથે દુષ્કર્મનો પ્રયાસ કરી ચાકુથી હુમલો કર્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૬

મેઘાલયના પૂર્વી પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લામાં એક સગીરા પર બળાત્કારનો પ્રયત્ન કરવાના આરોપમાં એક ટોળાએ બે લોકોને માર મારીને મારી નાખ્યા હતા. પોલીસે કહ્યું કે, આ ઘટના શુક્રવારે બપોરે જિલ્લા મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામની છે. સગીરાનો આરોપ છે કે તે ઘરમાં એકલી હતી ત્યારે બે લોકોએ તેના પર ચાકુથી હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કારનો પ્રયત્ન કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, પૂર્વી-પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લાના મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામમાં શુક્રવારે બપોરે સગીરા તેના ઘરમાં એકલી હતી ત્યારે બે પુરુષોએ ચાકુથી તેના પર હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, સગીરાએ બુમો પાડતા આજુબાજુમાંથી પડોશીઓ ત્યાં આવી ગયા હતા અને તેમણે બંને પુરુષોને પકડી લીધા હતા. બંનેને ઝડપી લીધા પછી તેમને નજીકના સામુદાયિક હોલમાં લઈ જવાયા હતા, જ્યાં બંને સાથે મારપીટ કરાઈ હતી.



અમાનવીયતાનો ભોગ બનેલો વિદ્યાર્થી એટલો ડરી ગયો હતો કે પોલીસ સામે મોઢું ખોલતા પણ ડરતો હતો

# કાનપુરમાં એક વિદ્યાર્થી સાથે મિત્રોએ બર્બરતાની હદ વટાવી

(એ.આર.એલ),કાનપુર,તા.૬

ઉત્તર પ્રદેશના કાનપુરથી એક સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. અહીં એક વિદ્યાર્થી સાથે બર્બરતાની હદ વટાવી દેવામાં આવી હતી. વિદ્યાર્થી પર અત્યાચાર ગુજારવામાં આવ્યો, તે ચીસો પાડતો રહ્યો, પણ મિત્રો હિંમત ન હાર્યા. પોલીસે કેસ નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, પાંડુનગરમાં રહેતા નીટની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓએ એક સાથી વિદ્યાર્થીને બંધક બનાવી લીધો હતો અને ઓનલાઈન



ગેમમાં હારી ગયેલા પૈસાના વિવાદને લઈને ઉગ્ર માર માર્યો હતો. તેને સળગતા લાકડા વડે માર મારવામાં આવ્યો હતો અને પછી તેના શરીરના નાજુક ભાગમાં ઈંટ બાંધીને તેને ફાંસી આપવામાં આવી હતી. આ ક્રૂરતાનો વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી બે વિદ્યાર્થીઓની ધરપકડ કરી જેલમાં મોકલી દીધા છે. અન્ય સહયોગીઓની શોધ ચાલુ છે.

ઈટાવા જિલ્લાના લવડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પેટ્રોલ પંપના કર્મચારીનો ૧૭ વર્ષીય ઈન્ટર પાસ પુત્ર ૧૮ એપ્રિલના રોજ પાંડુનગર ગામના યુવકને મળવા આવ્યો હતો. અહીં તેણે તેના મિત્રો સાથે સટ્ટો રમીને ઓનલાઈન એવિએટર ગેમ રમી હતી, જેમાં તેણે ૨૦ હજાર રૂપિયા ગુમાવ્યા હતા. યુવક પાસે પૈસા માંગ્યા તો પછી આપીશ તેમ કહ્યું હતું. ૨૦ એપ્રિલે, જ્યારે તેણે બે દિવસ સુધી પૈસા ન ચૂકવ્યા, ત્યારે આરોપીઓએ તેને રૂમમાં ઉતારી, બંધક બનાવી અને માર માર્યો. આ પછી, નાજુક ભાગમાં દોરડું બાંધીને ઈંટ લટકાવવામાં આવી હતી.

# યુદ્ધવિરામની આશા વચ્ચે હમાસે ફરીથી ઈઝરાયેલ પર મિસાઈલોથી હુમલો કર્યો

(એ.આર.એલ),જેરુસલેમ,તા.૬

હમાસ અને ઈઝરાયેલ છેલ્લા સાત મહિનાથી યુદ્ધ લડી રહ્યા છે. હમાસને ખતમ કરવાનો ઈઝરાયેલનો નિર્ણય ગાઝા પટ્ટીના લોકો પર ભારે પડી રહ્યો છે. અત્યાર સુધીમાં ૩૦ હજારથી વધુ લોકોના મોત થયા છે. જ્યાં તમામ દેશો યુદ્ધવિરામની આશા રાખતા હતા. આ સાથે જ ફરી એકવાર તણાવ વધી ગયો છે. હમાસે રવિવારે ગાઝા પટ્ટીને સહાય પહોંચાડવા માટે ઈઝરાયેલના મુખ્ય ક્રોસિંગ પોઈન્ટ પર મોટો હુમલો કર્યો.



ઈઝરાયેલી સૈન્યએ સોમવારે માનવતાવાદી સહાય ટ્રકો માટે કેરેમ શાલોમ ક્રોસિંગને બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આનાથી ગાઝાના લોકોની મુશ્કેલીમાં વધારો થશે. તે જ સમયે, હમાસની સૈન્ય પાંખ, કાસમ બ્રિગેડ્સે દાવો કર્યો હતો કે આ હુમલામાં સરહદ નજીક ઈઝરાયેલી દળોના જૂથને નિશાન બનાવ્યા હતા. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં ઈઝરાયેલી સેનાના કમાન્ડ હેડક્વાર્ટરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં ઘણા સૈનિકો માર્યા ગયા હતા અને ઘાયલ થયા હતા. ઈઝરાયલી સૈન્યનું કહેવું છે કે કેરેમ શાલોમ ક્રોસિંગ પર ૧૦ રોકેટ છોડવામાં આવ્યા હતા. હમાસે આની જવાબદારી લીધી છે. ટીવી ચેનલના જણાવ્યા અનુસાર હુમલા બાદ સેનાએ તરત જ ક્રોસિંગ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

રાજધાની દિલ્હીમાં પ્રદૂષણના સ્તરમાં થોડો સુધારો થયો

# પટના બન્યું ભારતનું બીજું સૌથી પ્રદૂષિત શહેર, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૬ થયો

(એ.આર.એલ),પટણા,તા.૬

બિહારની રાજધાની પટણાએ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૬ નો રેકોર્ડ કર્યો, જે તેને ભારતનું બીજું સૌથી પ્રદૂષિત શહેર બનાવ્યું. એકયુઆઈ ૩૧૬ 'ખૂબ જ નબળી' શ્રેણીમાં આવે છે. રાજ્યના અન્ય ચાર શહેરો કે જેમણે 'નબળું' એકયુઆઈ નોંધ્યું છે તેમાં સિવાન (૨૮૨), મુઝફ્ફરપુર (૨૩૩), હાજીપુર (૨૩૨) અને બેતિયા (૨૨૧)નો સમાવેશ થાય છે. સેન્ટ્રલ પોલ્યુશન



કંટ્રોલ બોર્ડના બુલેટિન મુજબ, ઉત્તર પ્રદેશનું ગ્રેટર નોઈડા દેશનું સૌથી પ્રદૂષિત શહેર હતું જ્યાં એકયુઆઈ ૩૪૬ નોંધાયો હતો. સીપીસીબી અનુસાર, 'ખૂબ જ નબળી' હવાની ગુણવત્તાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વાસ સંબંધી રોગો થઈ શકે છે. બિહાર સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ દેવેન્દ્ર કુમાર શુક્લાએ કહ્યું, 'એ વાત સાચી છે કે રાજ્યના કેટલાક શહેરો પવનની ઓછી ઝડપ, પ્રદૂષણ નિયંત્રણના પગલાંને અનુસર્યા વિના ચાલી રહેલી બાંધકામ પ્રવૃત્તિઓ અને તાજેતરમાં પટના અને આસપાસના વિસ્તારો દુષિત હવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે .

પકડમાં આવેલા લોકોમાંથી એકની ઓળખ થઈ

# જમ્મુ કાશ્મીરમાં સેનાએ પૂંછ હુમલામાં સંડોવાયેલા ૬ લોકોની ધરપકડ કરી

(એ.આર.એલ),શ્રીનગર,તા.૬

ભારતીય સુરક્ષા દળોએ પૂંછ આંતકી હુમલામાં છ લોકોની ધરપકડ કરી લીધી છે. જેમાં ભારતીય વાયુસેનાના એક જવાન શહીદ થઈ ગયા હતા. ધરપકડ કરવામાં આવેલા લોકોમાંથી એકની ઓળખ મોહમ્મદ રઝાક તરીકે થઈ છે. જેના વિશે કહેવાય છે કે, તેણે આતંકવાદીઓને ભોજન સહિતની મદદ કરી હતી. આ ઘટનાક્રમ ત્યારે થયો ત્યારે સુરક્ષાકર્મીઓના ભારતીય વાયુસેનાના કાફલા પર



આતંકવાદી હુમલા બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન શરુ કર્યું છે. સુરક્ષા દળોએ નાકાબંધી કરી દીધી છે અને સમગ્ર વિસ્તારમાં ચેકિંગ ચાલી રહ્યું છે. આ સમગ્ર વિસ્તારમાં હવાઈ દેખરેખની વચ્ચે ભારતીય વાયુસેનાએ પોતાના કોર્પોરેલ વિક્કી પહાડેની શહાદત પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. જેમણે શનિવાર સાંજે હુમલામાં લાગેલી ઈજાના કારણે શહીદ થઈ ગયા હતા. ભારતીય વાયુ સેનાના સત્તાવાર અધિકારી એક્સ હેંડલ પર એક્સ પોસ્ટમાં કહેવાયું છે કે, સીએએસ એર ચીફ માર્શલ વીઆર ચૌધરી અને ભારતીય વાયુ સેનાના તમામ કર્મી બહાદુર કાર્પોરલ વિક્કી પહાડેને સલામ કરે છે, જેમણે રાષ્ટ્રની સેવામાં પૂંછ સેક્ટરમાં સર્વોચ્ચ બલિદાન આપ્યુ છે.

# વ્હાઈટ હાઉસના ગેટ સાથે કાર અથડાતાં અમેરિકામાં ખળભળાટ મચ્યો, ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત

વોશિંગ્ટન,તા.૬

અમેરિકી રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય વ્હાઈટ હાઉસના ગેટ સાથે કાર અથડાતાં અમેરિકામાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના શનિવારે રાત્રે બની હોવાનું જાણવા મળે છે, જ્યાં એક વાહન વ્હાઈટ હાઉસના બહારના ગેટ સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવરનું મોત થયું હતું. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ આ જાણકારી આપી. યુએસ સિક્રેટ સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસ સંકુલની બહારની પરિમિતિ પર રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે એક વાહન અથડાયું હતું અને અકસ્માત બાદ ડ્રાઈવર વાહનમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. એજન્સીએ કહ્યું કે સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું છે પરંતુ વ્હાઈટ હાઉસને કોઈ ખતરો નથી. મૃતક ડ્રાઈવરની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. પોલીસે હજુ સુધી આ ઘટના અંગે વધુ માહિતી આપી નથી.



આ ડ્રાઈવર કોણ હતો અને તે કાર લઈને અચાનક વ્હાઈટ હાઉસના ગેટ પર કેવી રીતે પહોંચ્યો?

ગેટ સાથે વાહનની ટક્કર અકસ્માત હતો કે અથડામણ આયોજનબદ્ધ હતી તે અંગે પોલીસ હજુ કંઈ સ્પષ્ટ કરી રહી નથી. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. અમેરિકી સુરક્ષા એજન્સીએ કહ્યું કે સિક્રેટ સર્વિસ આ મામલાની તપાસ ચાલુ રાખશે.

# આદિત્ય રોય કપૂર-અનન્યા પાંડેનું બ્રેકઅપ, નજીકના મિત્રએ પુષ્ટિ કરી



(એ.આર.એલ),મુંબઈ,તા.૬

બોલિવૂડ એક્ટ્રેસ અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર વિશે ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે કે બંનેનું બ્રેકઅપ થઈ ગયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંનેનું લગભગ એક મહિના પહેલા બ્રેકઅપ થયું હતું. તેમના બ્રેકઅપના સમાચારે તેમના મિત્રોને પણ ચોંકાવી દીધા છે. બંને સ્ટાર્સના નજીકના મિત્રએ તાજેતરમાં પુષ્ટિ કરી હતી કે તેઓ એક મહિના પહેલા બ્રેકઅપ થયા હતા. વાતચીત દરમિયાન આદિત્ય રોય કપૂર અને અનન્યા પાંડેના મિત્રએ જણાવ્યું કે, 'લગભગ એક મહિના પહેલા તેમનું બ્રેકઅપ થયું હતું. તેઓ ખૂબ સારી રીતે મળી રહ્યા હતા, અને બ્રેકઅપ અમારા બધા માટે આઘાત સમાન હતું. તેઓ એકબીજા માટે ખૂબ જ સરસ છે. અનન્યા આગળ વધવાનો પ્રયાસ કરી રહી છે, હવે તે ચોક્કસપણે દુઃખી છે. તે તેના નવા મિત્ર સાથે સમય વિતાવી રહી છે. આદિત્ય પણ પરિસ્થિતિનો સામનો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

આદિત્ય અને અનન્યા લગભગ બે વર્ષથી ડેટિંગ કરી રહ્યા હતા. ગયા મહિને અભિનેત્રીની પોસ્ટે ઈન્ટરનેટ પર તોફાન મચાવ્યું હતું. આ પોસ્ટ પછી એવી અટકળો ચાલી રહી હતી કે બંને સ્ટાર્સનું બ્રેકઅપ થઈ ગયું છે. જો કે, બંનેએ ક્યારેય તેમના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા નથી. સમાચાર મુજબ બંને એકબીજાને બે વર્ષથી ડેટ કરી રહ્યા હતા. તે જ સમયે, બંને સ્ટાર્સ બ્રેકઅપના સમાચાર પર મૌન જાળવી રહ્યા છે.

તેણે તેની પોસ્ટમાં લખ્યું, 'જો તે ખરેખર તમારા માટે છે, તો તે તમારી પાસે પાછા આવશે. આ ફક્ત તમને પાઠ શીખવવા સુધી જ જશે જે તમે ફક્ત તમારી જાતે જ શીખી શકો છો. જો તે ખરેખર તમારા માટે છે, તો તે પાછું આવશે, ભલે તમે તેને દૂર ધકેલી દીધા હોય, ભલે તમે માનતા હોવ કે આટલી સુંદર વસ્તુ ક્યારેય તમારી હોઈ શકે નહીં.

# ઓસ્ટ્રેલિયામાં નજીવી બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે ઝપાઝપી, ભારતીય વિદ્યાર્થીની ચાકુ મારીને હત્યા

(એ.આર.એલ),મેલબોર્ન,તા.૬

ઓસ્ટ્રેલિયામાં કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચેની લડાઈ દરમિયાન ૨૨ વર્ષીય એમટેક વિદ્યાર્થીની કથિત રીતે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. પીડિતાના કાકાએ સોમવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ ઘટનામાં અન્ય એક વિદ્યાર્થી ઘાયલ થયો છે, જે મેલબોર્નમાં સ્થાનિક સમય અનુસાર રાત્રે ૯ વાગ્યાની આસપાસ બની હતી. પીડિતના કાકા યશવીરના જણાવ્યા



મુજબ, નવજીત સંધુ પર અન્ય વિદ્યાર્થીએ છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો જ્યારે તેણે કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચે ભાડાના મુદ્દે થયેલા વિવાદમાં દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જુલાઈમાં આર્મીમાંથી નિવૃત્ત થનાર યશવીરે જણાવ્યું હતું કે, "નવજીતના મિત્ર (અન્ય ભારતીય વિદ્યાર્થી)એ તેની પાસે કાર હોવાથી તેનો સામાન લેવા માટે તેની સાથે તેના ઘરે જવાનું કહ્યું હતું.

# ૧૫-૧૭ વર્ષના ૪ છોકરાઓએ ૧૯ વર્ષની છોકરી પર ગુજાર્યો બળાત્કાર



(એ.આર.એલ),રાંચી,તા.૬

ઝારખંડના રામગઢ જિલ્લામાં ૧૯ વર્ષીય એક છોકરી સાથે દુષ્કર્મ આચરવા અને આ કૃત્યનો કથિત વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાના આરોપમાં ચાર કિશોરોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના એક અધિકારીએ આ જાણકારી આપી હતી. પોલીસ અધિકારીના અનુસાર આ ઘટના ૨૧ એપ્રિલના રોજ થઇ હતી, પરંતુ પીડિતાએ પોલીસમાં તેની ફરિયાદ નોંધાવી ન હતી, કારણ કે છોકરાઓએ ધમકી આપી હતી કે જો તેણે પોતાની આપવીતી કોઈને જણાવી તો તે દુષ્કર્મનો આપત્તિજનક વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરી દેશે. પોલીસ અધિકારીના અનુસાર આરોપી છોકરાની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની વચ્ચે બતાવવામાં આવી રહી છે.

રામગઢના પોલીસ અધિક્ષક વિમલ કુમારે કહ્યું કે છોકરાઓએ કથિત રીતે આ વાંધાજનક વીડિયો ૩ મેના રોજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. પોલીસ અધિક્ષકે કહ્યું, "પીડિત યુવતીના પરિવારે ૪ મેના રોજ રામગઢ પોલીસ સ્ટેશનમાં આ ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી.

# હૈદરાબાદે મુંબઈને જીતવા માટે ૧૭૪ રનનો ટાર્ગેટ આપ્યો

મુંબઈ, તા.૭

આઈપીએલમાં આજની મેચમાં હૈદરાબાદે મુંબઈને જીતવા માટે ૧૭૪ રનનો ટાર્ગેટ આપ્યો છે. વાનખેડે સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૭૩ રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી હાર્દિક પંડ્યા અને પીયૂષ ચાવલાએ ૩-૩ વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહ અને અંશુલ કંબોજને પણ એક-એક સફળતા મળી. હૈદરાબાદ



તરફથી ટ્રેવિસ હેડે સૌથી વધુ ૪૮ રન બનાવ્યા હતા. કેપ્ટન પેટ કમિન્સ ૩૫ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. માર્કો જેન્સને ૧૭ અને અભિષેક શર્માએ ૧૧ રનનું યોગદાન આપ્યું હતુ. આમ સમગ્ર ટીમ ૨૦ ઓવરમાં ૧૭૩ રન બનાવતા મુંબઈને ૧૭૪ રનનું લક્ષ્ય મળ્યું હતું.

# એમપીના જબલપુરમાં ટ્રેક્ટર પલટી જતાં ચાર સગીર સહિત પાંચના મોત

(એ.આર.એલ),જબલપુર,તા.૬

મધ્યપ્રદેશના જબલપુરથી એક મોટી ઘટના સામે આવી છે. એક ઝડપી ટ્રેક્ટર પલટી જતાં પાંચ લોકોના મોત થયા હતા. મૃત્યુ પામેલાઓમાં ચાર સગીર અને એક ૧૮ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, આ ઘટના જબલપુરના ચારગવાન પોલીસ સ્ટેશન હેઠળના ગામ ટીનેટામાં બની હતી. એવું કહેવામાં આવ્યું હતું કે ટ્રેક્ટર પલટી જતાં પાંચ લોકોના મોત થયા હતા. તેમજ બે બાળકો ઘાયલ થયા છે. આ ટ્રેક્ટર ટિનેટા દેવી ગામનો રહેવાસી ધર્મેન્દ્ર ઠાકુર (૧૮) ચલાવી રહ્યો હતો. વધુ સ્પીડને કારણે ટ્રેક્ટર બેકાબુ થઈને પલટી ગયું હતું. તમામ લોકો ટ્રેક્ટર નીચે દટાઈ ગયા હતા. તમામને મેડિકલ કોલેજમાં મોકલવામાં આવ્યા છે. જિલ્લા પ્રશાસને મૃતકોના પરિવારને ૫૦,૦૦૦ રૂપિયા અને ઘાયલોને ૧૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય મંજૂર કરી છે. મૃતકોમાં ધર્મેન્દ્રના પિતા રામ પ્રસાદ ઠાકુર ૧૮ વર્ષ, દેવેન્દ્રના પિતા મોહન બરકડે ઉંમર ૧૫ વર્ષ,રાજવીર પિતા લખનલાલ ગોંડ ઉંમર ૧૩ વર્ષ,અનુપ બરકડેના પિતા ગોવિંદ બરકડે ઉંમર ૧૨ વર્ષ, નસીબદાર પિતા લોચન માર્કમની ઉંમર ૧૦ વર્ષનો સમાવેશ થાય છે.



# આજે રાજ્યની ૨૫ બેઠકો પર મતદાન

અમદાવાદ,તા.૬

તા.૭ મેના રોજ રાજ્યભરમાં લોકસભાની ચૂંટણીને લઈને મતદાન થવા જઈ રહ્યું છે, ત્યારે ચૂંટણી પંચે પણ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ચૂંટણી પંચે કર્મચારીઓને મતદાનની ફરજના સ્થળે રવાના કરવાની કામગીરી પૂર્ણ કરી દીધી છે. વિધાનસભા વાઈઝ ઈવીએમ અને અન્ય સામગ્રી સાથે કર્મચારીઓને રવાના કરાયા છે.

ગુજરાતમાં ૨૬માંથી ૨૫ બેઠકો પર મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે પોલીસ દ્વારા પણ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ સાથે ગુજરાતમાં ૫ વિધાનસભાની બેઠક પર પેટાચૂંટણી પણ થશે. રાજ્યની વાઘોડિયા, વિજાપુર, માણાવદર, પોરબંદર અને ખંભાત બેઠક પર પેટા ચૂંટણી થશે.

ત્રીજા તબક્કામાં આસામ- ૪ બેઠક, બિહાર- ૫ બેઠક, છત્તીસગઢ- ૭ બેઠક, દાદરા અને નગર હવેલી- ૧ બેઠક, દમણ-દીવ- ૧ બેઠક, ગોવા- ૨ બેઠક, ગુજરાત- ૨૫ બેઠક, કર્ણાટક- ૧૪ બેઠક, મધ્યપ્રદેશ- ૮ બેઠક, મહારાષ્ટ્ર- ૧૧ બેઠક, ઉત્તરપ્રદેશ- ૧૦ બેઠક, પશ્ચિમ બંગાળ- ૪ બેઠક જમ્મુ કશ્મીર- ૧ બેઠક પર મતદાન યોજાશે. જે બેઠકો પર મતદાન યોજાશે તેમાં આસામની ધુબરી, કોકરાઝાર, બારપેટા, ગુવાહાટી, બિહાર: ઝાંઝરપુર, સુપૌલ, અરરિયા, મધેપુરા, ખાગરિયા, છત્તીસગઢ: સુરગુજા, રાયગઢ, જાંજગીર-ચંપા, કોરબા, બિલાસપુર, દુર્ગ, રાયપુર, દાદરા અને નગર હવેલી/દમણ અને દીવ: દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, ગોવા: ઉત્તર ગોવા, દક્ષિણ ગોવા, ગુજરાત: કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી, નવસારી, વલસાડ, કર્ણાટકની બાકીની ૧૪ બેઠકો: ચિક્કોડી, બેલગામ, બાગલકોટ, બીજાપુર, ગુલબર્ગા, રાયચુર, બિદર, કોપ્પલ, બેલ્લારી, હાવેરી, ધારવાડ, ઉત્તરા કન્નડ, દાવંગેરે, શિમોગા, મધ્ય પ્રદેશ: ભીંડ, ભોપાલ, ગુના, ગ્વાલિયર, મોરેના, રાજગઢ, સાગર, વિદિશા, બેતુલ - મધ્યપ્રદેશના બેતુલ મતવિસ્તારમાં પણ મતદાન થશે, જે બીએસપીના ઉમેદવારના અવસાન બાદ તબક્કા ૨ થી ૩ માં ખસેડવામાં આવ્યું હતું, તે પણ ૭ મેના રોજ યોજાશે. મહારાષ્ટ્ર: બારામતી, રાયગઢ, ઉસ્માનાબાદ, લાતુર, સોલાપુર, માધા, સાંગલી, સતારા, રત્નાગીરી-સિંધુદુર્ગ, કોલ્હાપુર, હાથકનાંગલે ઉત્તર પ્રદેશ: સંભલ, હાથરસ, આગ્રા, ફતેહપુર સિકરી, ફિરોઝાબાદ, મૈનપુરી, એટાહ, બુદૌન, આઓનલા, બરેલી પશ્ચિમ બંગાળ: માલદહા ઉત્તર, માલદહા દક્ષિણ, જંગીપુર, મુર્શિદાબાદ જમ્મુ અને કાશ્મીર: અનંતનાગ-રાજૌરી સામેલ છે.



મતદાનના ત્રીજા તબક્કામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, જેવા દિગ્ગજો ચૂંટણી મેદાનમાં છે.






## તંત્રી લેખ

# આજની ઘડી તે રળિયામણી...!

આજે સાતમી મે અને મંગળવારે આપણે ત્યાં લોકસભાના ઉમેદવાર પસંદ કરવા માટેની ચૂંટણી છે. દર પાંચ વર્ષે આ અવસર આવે છે. આપણે સૌ જીવનની વિવિધ ઝંઝાળથી ઘેરાયેલા હોઈએ છીએ. જો જરાક ધ્યાન ન રાખીએ તો અવસર હાથમાંથી છટકી જાય છે. આપણી વચ્ચે એવા લોકો પણ હોય છે જેઓ નિરંતર સરકાર અંગે ટિપ્પણીઓ કરતા હોય પણ મત આપવા ન જતા હોય. મતદાન એક તક હોય છે, આપણી પસંદગીના ઉમેદવારને લોકસભામાં મોકલવા માટેની. આ અવસર આપ ચૂકો નહીં અને આપની જે કંઈ પસંદગી હોય એ ઉમેદવારને મત આપવા માટે આપ ચોક્કસ સમય ફાળવીને મતદાન મથક સુધી જાઓ. એક સમૃદ્ધ લોકશાહી રાષ્ટ્ર માટે વધુમાં વધુ નાગરિકો પોતાની પસંદગી વ્યક્ત કરે તે જરૂરી હોય છે. ગ્રીષ્મ ઋતુ છે અને આકરો તાપ પડે છે તેમ છતાં વહેલી સવારે જો આપ શીતળ વાતાવરણમાં મત આપવા પહોંચી જાઓ તો ભારત માતાનું એનાથી પરિપોષણ થાય છે. ઘોર તડકો હોય અને સૂરજ માથે આવી જાય તો પણ મતદાન મથક પર જજો અને જરૂર મત આપીને જ આવજો. જે દેશના નાગરિકો મત આપવામાં ઉદાસીન રહે છે તેમની નાગરિક જીવનની સર્વ ઋતુઓ ઉદાસ થઈ જાય છે. કોઈ પણ લોકશાહી રાષ્ટ્રના પતનની શરૂઆત ક્યાંથી થાય છે? જ્યારે નાગરિક એમ વિચારે કે મારા એક મતથી વળી શું ફેર પડવાનો છે? એની સામે એવો વિચાર હોય કે મારી પસંદગીનો ઉમેદવાર હારે કે જીતે, પરિણામ ગમે તે આવે પણ હું મારા આત્માના અવાજ પ્રમાણે મારો મત તો આપીશ જ. આત્માનો અવાજ સાંભળવો જરૂરી છે. પોતાની વ્યક્તિગત વિચારધારાનું સન્માન કરવું જોઈએ કારણ કે લોકશાહીમાં નેતૃત્વ વિશે દરેક વ્યક્તિનો અનુભવ અને ધારણા જુદા જુદા હોય છે. દરેક વ્યક્તિને પોતાની ઈચ્છા પ્રમાણે મત આપવાનો અધિકાર છે. તેઓ કોઈનાથી પણ પ્રભાવિત થયા વિના સ્વતંત્ર રીતે વિચારી શકે છે. આ સ્વતંત્ર વિચાર એટલે જ્ઞાતિ જાતિના કોઈપણ બંધનોથી ઉપર ઊઠીને તટસ્થ રીતે સમાજના હિતમાં નિર્ણય લેવો. દરેક રાજકીય પક્ષ પોતપોતાના સ્વાર્થ માટે પ્રચાર કરે છે. પરંતુ એમાંથી શ્રેષ્ઠને શોધી લેવા એ મતદારનું પોતાનું કામ છે. કોઈ પણ માનસિક બંધનોમાં બંધાયા વિના ખુલ્લા મનથી મતદારે પોતાનો મત આપવો જોઈએ અને તે મતદાન પહેલા અને પછી ગુપ્ત રાખવો જોઈએ. મત આપતા પહેલા કે પછી પોતાના અભિપ્રાયનો જાહેર ઉચ્ચાર ન કરવો જોઈએ. આ બધી અલિખિત આચાર સંહિતા છે જે લોકશાહીને આંતરિક રીતે સમૃદ્ધ બનાવે છે. પ્રજાના એક એક મત મળીને જ વિરાટ ભારતની સંસદનું નિર્માણ થાય છે. નાગરિકોનો મત જ સંસદનું પ્રાણતત્ત્વ છે. જેને સંસદનું લોઅર હાઉસ કહે છે તે લોકસભામાં પ્રજા સીધા જ મત આપીને ઉમેદવાર પસંદ કરે છે. એ મોકાનો દિવસ આજે છે. મોકો જતો કરે એ અસલ ગુજરાતી ન હોય. મોકો ઝડપી લેજો. જય હિન્દ, જય ભારત.

-વસંત મોવલિયા ( તંત્રી ) તંત્રીસ્થાનેથી





